અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

22 NOVEMBER-2025 SATURDAY | Vol. : 17 | Issue : 141 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 ટ્રમ્પે કહ્યું- 350% ટેરિફની ધમકી પર મોદીનો ફોન આવ્યો : દાવો- PMએ કહ્યું, 'વી આર....

4 શિયાળામાં જેમ સ્વેટર સાલથી હુંફ મળે, એમ જ સમયે સ્વજનોની હુંફ જરૂરી છે

6 પાકિસ્તાન ક્રિકેટમાં ભૂકંપ! અઝહર અલીએ સિલેક્ટર પદ છોડ્યું, કારણ છે સરફરાઝ?

7 અનિલ અંબાણીની ₹1,400 કરોડની પ્રોપર્ટી જપ્ત, અત્યાર સુધીમાં કુલ ₹9,000 કરોડની પ્રોપર્ટી અટેચ....

# દુબઈ એર શોમાં ભારતનું ફાઈટર પ્લેન તેજસ ક્રેશ, પાયલટનું મોત

**દુબઈ, તા.21**

દુબઈ એર શો દરમિયાન શુક્રવારે(21 નવેમ્બર) ભારતનું સ્વદેશી ફાઈટર જેટ LCA તેજસ અચાનક ક્રેશ થઈ જતાં મોટી દુર્ઘટના સર્જાઈ છે. આ ઘટના ત્યાંના સ્થાનિક સમય અનુસાર બપોરે 2.10 વાગ્યે થઈ. હજારો દર્શકો દુબઈ એર શો દરમિયાન ત્યાં લડાકૂ વિમાનના કરતબ જોઈ રહ્યા હતા. તે દરમિયાન જ આ દુર્ઘટના સર્જાઈ હતી. ભારતીય વાયુસેનાએ દુબઈ એર શો દરમિયાન થયેલી તેજસ વિમાન દુર્ઘટનાની તપાસના આદેશ આપ્યા છે.

દુબઈ એર શો દરમિયાન થયેલા તેજસ વિમાન ક્રેશમાં પાયલટનું મોત થયાના સમાચાર સામે આવ્યા છે. ભારતીય વાયુસેનાએ સમગ્ર ઘટના અંગે જણાવ્યું કે, આજે દુબઈ એર શોમાં એરિયલ ડિસ્પ્લે દરમિયાન IAF તેજસ વિમાન અકસ્માતનો ભોગ બન્યું. આ અકસ્માતમાં પાયલોટને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ભારતીય






વાયુસેના પાયલટની જાનહાનિ પર ખૂબ જ દુઃખ વ્યક્ત કરે છે અને આ દુઃખના સમયમાં શોકગ્રસ્ત પરિવાર સાથે મજબૂત રીતે ઊભી છે. અકસ્માતનું કારણ જાણવા માટે તપાસ કોર્ટની રચના કરવામાં આવી રહી છે.

અલ મકતૂમ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર તેજસ વિમાન શાનદાર કરતબ કરી રહ્યું હતું ત્યારે અચાનક જ નિયંત્રણ ગુમાવ્યું. ગણતરીની સેકન્ડમાં વિમાન સીધું જ જમીન પર ક્રેશ થયું. ક્રેશ થતાંની સાથે જ મોટો વિસ્ફોટ થયો અને આગ લાગી ગઈ. નોંધનીય છે કે દુબઈ એર શોમાં દુનિયાભરના વિવિધ દેશો પોતાના ફાઈટર જેટ મોકલતા હોય છે.

### તેજસને 8 મિનિટ ઉડાન ભરવાની હતી

દુબઈ એર શોમાં ભારતીય ફાઈટર જેટ તેજસનું સમગ્ર હવાઈ પ્રદર્શન 8 મિનિટ સુધી ચાલવાનું હતું. તેનો ડેમો ફ્લાઈટ સ્લોટ સ્થાનિક સમય મુજબ બપોરે 2:15 અને 2:23 વાગ્યે સમાપ્ત થવાનો હતો. અકસ્માતને કારણે શો તાત્કાલિક બંધ કરવામાં આવ્યો હતો. તે બે કલાક પછી ફરી શરૂ થયો.

### દુબઈ એર-શો બે કલાક બાદ ફરી શરૂ

તેજસ ક્રેશના બે કલાક પછી, દુબઈ એર શોમાં હવાઈ પ્રદર્શન ફરી શરૂ થયું. અકસ્માત પછી પહેલી ઉડાન રશિયન સુખોઈ SU-57 સ્ક્વોડ્રન દ્વારા કરવામાં આવી હતી.

### નેગેટિવ G-ફોર્સ ટર્નમાંથી બહાર નીકળવામાં નિષ્ફળ ગયો પાઈલટ

અહેવાલો અનુસાર, પાઈલટ નકારાત્મક નેગેટિવ G-ફોર્સમાંથી બહાર નીકળી શક્યો નહીં, જેના કારણે વિમાને નિયંત્રણ ગુમાવ્યું. વીડિયોમાં સ્પષ્ટપણે બતાવવામાં આવ્યું છે કે તેજસ કોઈ ગ્લાઈડિંગ વિના સીધું નીચે પડી ગયું. આનો અર્થ એ છે કે રિકવરી ફેઈલ ગઈ, અને વિમાન ફ્રી-ફોલમાં ગયું.

### ગઈકાલે તેજસમાં ફ્યુલ લીકેજની અફવાઓ ઊડી હતી

અકસ્માતના એક દિવસ પહેલા, સોશિયલ મીડિયા પર એવા દાવાઓ ફરતા થયા હતા કે તેજસમાં ઈંધણ લીકેજ થઈ રહ્યું છે. જોકે, સંરક્ષણ મંત્રાલયે દાવો કર્યો હતો કે તેજસના ફ્યુલ લીકેજનો વીડિયો ખોટો છે.




# બાંગ્લાદેશમાં 5.7ની તીવ્રતાનો ભૂકંપ, 3ના મોત, 200 ઘાયલ




**આયર્લેન્ડ-બાંગ્લાદેશ ક્રિકેટ મેચ અટકાવી, 10 માળની ઈમારત નમી ગઈ, કોલકાતા સુધી ભૂકંપના આંચકા અનુભવાયા**

**ઢાંકા, તા.21**

બાંગ્લાદેશમાં શુક્રવારે સવારે લગભગ 10:08 વાગ્યે (ભારતીય સમય મુજબ) 5.7ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. જેમાં ત્રણ લોકો માર્યા ગયા અને 200થી વધુ ઘાયલ થયા છે. ભૂકંપનું કેન્દ્રબિંદુ ઢાકાથી માત્ર 25 કિલોમીટર દૂર નરસિંગડીમાં માધબડી હતું. ભૂકંપના આંચકા એટલા જોરદાર હતા કે દસ માળની ઈમારત એક તરફ નમી ગઈ હતી. બાંગ્લાદેશમાં ચાલી રહેલી બાંગ્લાદેશ-આયર્લેન્ડ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ પણ રોકી દેવામાં આવી હતી. સ્થાનિક મીડિયા અહેવાલો 6 લોકોના મોતનો દાવો કરે છે, જોકે પોલીસે અત્યાર સુધીમાં ત્રણ લોકોના મોતની પુષ્ટિ કરી છે. ગાઝીપુરના શ્રીપુરમાં ભૂકંપ દરમિયાન એક મોટી દુર્ઘટના થઈ. ગભરાટમાં ફસાયેલા કામદારો બહુમાળી ઈમારતમાંથી નીકળવાનો પ્રયાસ કરી રહ્યા હતા, જેમાં નાસભાગ મચી ગઈ, જેમાં 150થી વધુ કામદારો ઘાયલ થયા. આ ઘટના ડેનિમેક નામની કાપડ ફેક્ટરીમાં બની હતી. ઘાયલોને શ્રીપુર ઉપજિલ્લા આરોગ્ય કેન્દ્રમાં દાખલ કરવામાં આવ્યા હતા. કામદારોએ ફરિયાદ કરી હતી કે ભૂકંપ પછી અધિકારીઓએ ફેક્ટરીનો મુખ્ય દરવાજો ખોલવાનો ઈનકાર કર્યો હતો. આનાથી અફરા-તફરી મચી ગઈ, જેના કારણે ઘાયલ થયા. શુક્રવારે સવારે 10:10 વાગ્યે કોલકાતામાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

# SIR વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી : કેરળ સરકારે કાર્યવાહી પર રોક લગાવવાની માગ કરી

- **તમિલનાડુ અને બંગાળે પણ અરજીઓ દાખલ કરી**

**નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટ કેરળ સરકારની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ને પડકારતી અરજી પર સુનાવણી કરશે. કેરળમાં ડિસેમ્બરના બીજા અઠવાડિયામાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ યોજાવાની છે. તેથી, રાજ્ય સરકારે મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ને મુલતવી રાખવાની માગ કરતી અરજી દાખલ કરી હતી.

અરજીમાં, કેરળ સરકારે દલીલ કરી હતી કે ચૂંટણીઓ સાથે SIRનું સંચાલન કરવાથી સ્ટાફની અછતને કારણે મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે. બંધારણીય ચૂંટણી ચાલી રહી હોય ત્યારે ચકાસણી પ્રક્રિયામાં બિનજરૂરી ઉતાવળ કરવી એ મતદાનના લોકશાહી અધિકારને નબળી પાડે છે. કેરળમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ 21 ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થવાની છે. રાજ્ય સરકારે જણાવ્યું છે કે આ તબક્કે SIR પૂર્ણ કરવાની કોઈ જરૂર નથી, ખાસ કરીને કારણ કે વિધાનસભાની



ચૂંટણીઓ મે 2026 સુધીમાં થવાની છે. કેરળ ઉપરાંત, તમિલનાડુ અને બંગાળે પણ SIR વિરુદ્ધ અરજીઓ દાખલ કરી છે. ઈન્ડિયન મુસ્લિમ યુનિયન લીગ દ્વારા પણ સુપ્રીમ કોર્ટમાં એક અરજી પેન્ડિંગ છે. અહેવાલો અનુસાર, SIR વિરુદ્ધ અત્યાર સુધીમાં 10 અરજીઓ દાખલ કરવામાં આવી છે.

દરમિયાન, 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આશરે 99% (504 મિલિયનથી વધુ) મતદારોએ SIR ફેઝ II ગણતરી ફોર્મ પ્રાપ્ત કર્યા છે. 10 કરોડથી વધુ ફોર્મ ડિજિટાઈઝ કરવામાં આવ્યા છે.

અગાઉ, ચૂંટણી પંચે કેરળ હાઈકોર્ટમાં દલીલ કરી હતી કે SIR એક રાષ્ટ્રવ્યાપી પ્રક્રિયાનો ભાગ છે. તે અડધાથી વધુ પૂર્ણ થઈ ગયું છે. તેને અધવચ્ચે રોકવાથી આગામી ચૂંટણી ચક્રની તૈયારીઓમાં વિક્ષેપ પડશે. જસ્ટિસ વીજી અરુણની બેન્ચે કહ્યું હતું કે બિહાર, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીના SIRને પડકારતી સમાન અરજીઓ પહેલાથી જ સુપ્રીમ કોર્ટ સમક્ષ છે, તેથી ન્યાયિક શિસ્ત અને શિષ્ટાચારને કારણે હાઈકોર્ટને આ મામલે નિર્ણય લેતા અટકાવવો જોઈએ. ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ચરા ગામમાં કાર્યરત શિક્ષક અને BLO અરવિંદ મૂળજી વાઢેરએ આત્મહત્યા કરી છે. તેમણે તેમના વતન દેવલી ગામમાં તણાવ અને કામના દબાણને કારણે આ પગલું ભર્યું હતું.

# વ્હાઈટ હાઉસમાં પહેલીવાર ટ્રમ્પ-મમદાનીની મુલાકાત

## એક કમ્યુનિસ્ટ આવી રહ્યો છે, પરંતુ દેશ માટે રાષ્ટ્રપતિ કોઈ પણ વ્યક્તિને મળશે : પ્રેસ સચિવ

**વૉશિંગ્ટન, તા.21**

ન્યૂયોર્કના આગામી ભારતીય મૂળના મેયર, ઝોહરાન મમદાની, શુક્રવારે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે તેમની પ્રથમ રૂબરૂ મુલાકાત કરશે. 4 નવેમ્બરના રોજ ન્યૂયોર્ક સિટી મેયરની ચૂંટણી પછી આ તેમની પ્રથમ મુલાકાત પણ હશે.

ગુરુવારે પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે આ બેઠકને 'વ્હાઈટ હાઉસમાં આવતા સામ્યવાદી' તરીકે વર્ણવી હતી. ત્યારબાદ તેમણે ઉમેર્યું હતું કે જો રાષ્ટ્રને ફાયદો થાય તો રાષ્ટ્રપતિ ટ્રમ્પ કોઈપણ સાથે મળવા તૈયાર છે.

નોંધનીય છે કે બંને નેતાઓ છેલ્લા ઘણા મહિનાઓથી શાબ્દિક યુદ્ધમાં રોકાયેલા છે. જોકે, તેમની જીત પછી, મમદાનીએ પોતે ટ્રમ્પનો સંપર્ક કરીને શહેરની વધતી જતી ફુગાવા અને રહેઠાણની કટોકટી જેવા મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

ટ્રમ્પ અને મમદાનીની વચ્ચે અગાઉ ન્યૂયોર્કના મેયરની ચૂંટણી દરમિયાન ઉગ્ર બોલાચાલી થઈ હતી. ટ્રમ્પ મમદાનીની નીતિઓની ટીકા કરતા રહ્યા છે. તેમણે 4





નવેમ્બરની ચૂંટણી પહેલા કહ્યું હતું કે મમદાનીની જીત ન્યૂયોર્ક માટે સૌથી ખરાબ બાબત હશે.

મમદાનીની જીત પછી, ટ્રમ્પે તેમનો ખોટો ઉચ્ચાર 'મંડાની' કરીને મજાક ઉડાવી. વિજય પછીના ભાષણમાં, મમદાનીએ ટ્રમ્પને કહ્યું, 'મને ખબર છે કે તમે લાઈવ જોઈ રહ્યા છો. અવાજ વધારો જેથી તમે અમને સ્પષ્ટ રીતે સાંભળી શકો.'

જોકે, બેઠક પહેલા, મમદાનીએ ગુરુવારે પત્રકારોને જણાવ્યું હતું કે, 'ટ્રમ્પ અને મારામાં ઘણા મતભેદો છે, પરંતુ હું તેમની સાથે એવા કોઈપણ એજન્ડા પર કામ કરીશ જે ન્યૂયોર્કના હિતમાં હોય. જો કોઈ એજન્ડા ન્યૂયોર્કના લોકોને નુકસાન પહોંચાડે છે, તો હું સૌથી પહેલા બોલીશ.'

ટ્રમ્પે ઘણી વખત મમદાનીની મજાક ઉડાવી છે. 6 નવેમ્બરના રોજ, તેમણે કહ્યું, 'તે જો મમદાની, અથવા તેનું નામ ગમે તે હોય... ન્યૂયોર્કથી... તે વિચારે છે કે પુરુષો માટે મહિલાઓની રમતો રમવી સારી વાત છે.' ટ્રમ્પનું નિવેદન કટાક્ષભર્યું હતું, કારણ કે મમદાની ટ્રાન્સજેન્ડર અધિકારોનું સમર્થન કરે છે. ટ્રમ્પે મમદાનીના અવાજ અને દેખાવ પર પણ ટિપ્પણી કરી છે. 26 જૂનના રોજ તેમણે કહ્યું હતું કે, 'ડેમોક્રેટ્સે હદ વટાવી દીધી છે. એક સંપૂર્ણ સામ્યવાદી પાગલ, ઝોહરાન મમદાનીએ ડેમોક્રેટિક પ્રાઈમરી જીતી લીધી છે અને મેયર બનવાના માર્ગે છે. તે ભયાનક દેખાય છે, તેનો અવાજ કઠોર છે અને તે બહુ સ્માર્ટ નથી.'

મેયરની ચૂંટણી જીત્યા બાદ મમદાનીએ પોતાના ઉજવણીના ભાષણમાં ટ્રમ્પ પર પણ પ્રહારો કર્યા. તેમણે કહ્યું, 'ડોનાલ્ડ ટ્રમ્પ, હું જાણું છું કે તમે મને લાઈવ જોઈ રહ્યા છો. મારી પાસે તમારા માટે ચાર શબ્દો છે... અવાજ વધારો! જો તમે અમારામાંથી કોઈ સુધી પહોંચવા માગતા હો, તો તમારે પહેલા અમારા બધામાંથી પસાર થવું પડશે. અમે ડરીશું નહીં. અમે પાછળ હટીશું નહીં.'

ટ્રમ્પની ઈમિગ્રેશન નીતિઓ પર નિશાન સાધતા, મમદાનીએ કહ્યું, 'ન્યૂયોર્ક ઈમિગ્રન્ટ્સનું શહેર છે. ઈમિગ્રન્ટ્સે આ શહેર બનાવ્યું, તેમણે તેને ચલાવવા માટે મહેનત કરી, અને આજથી, આ શહેર ઈમિગ્રન્ટ્સ દ્વારા ચલાવવામાં આવશે. આ આપણી ઓળખ છે, અને અમે તેનું રક્ષણ કરીશું.'



# 'SIR' ને કારણે બધુ ઠપ, સરકારી કચેરીઓ ખાલીખમ, અરજદારોને ભટકવાનો વારો આવ્યો

**અમદાવાદ, તા.21**

ગુજરાતમાં મતદાર યાદી સુધારણા અભિયાન (SIR) જોરશોરથી ધમધમી રહ્યું છે. મતદાર યાદીની સફાઇ ઝુંબેશમાં શિક્ષકો જ નહીં, વિવિધ સરકારી વિભાગોના અધિકારી-કર્મચારીઓની મદદ લેવામાં આવી છે. જેના કારણે પરિસ્થિતી એવી થઇ છે કે, સ્ટાફ વિના સરકારી કચેરીઓ ખાલીખમ નજરે પડે છે જેથી લોકોના કામો ખોરંભે પડ્યાં છે. અરજદારો આમથી તેમ ભટકી રહ્યાં છે ત્યારે ઓફિસમાં એક જ જવાબ મળી રહ્યો છે કે, સાહેબ નથી. કેન્દ્રીય ચૂંટણી પંચના આદેશને પગલે ગુજરાતમાં SIRની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેના પગલે મહેસૂલ, સિંચાઈ, પંચાયત સહિત વિવિધ સરકારી વિભાગના કર્મચારીઓને ચૂંટણીલક્ષી કામગીરીમાં જોતરવામાં આવ્યાં છે. કર્મચારીઓ પણ તનતોડ મહેનત કરી રહ્યાં છે, જેથી કોઈપણ મતદાર મતદાર યાદીમાંથી



બાકાત રહી ન જાય. સરકારી કર્મચારીઓની ચૂંટણીલક્ષી કામગીરીમાં મદદ લેવાઈ રહી છે ત્યારે મામલતદાર કચેરી, કલેક્ટર કચેરી, તાલુકા-જિલ્લા પંચાયત, સિંચાઈ વિભાગ, જીએસટી ઉપરાંત મહાનગર પાલિકાના વિવિધ વિભાગની ઓફિસો સ્ટાફ વિહોણી બની છે. રેશનિંગ કાર્ડથી માંડીને રોજિંદા કામો માટે આવતાં અરજદારો કર્મચારી-અધિકારી વિના ધક્કે ચડ્યાં છે. મહેસૂલથી માંડીને અન્ય અગત્યના કામો અટવાઇ પડ્યાં છે. આ ઉપરાંત સરકારી કચેરીઓમાં પ્રજાલક્ષી કામોની અરજીઓ પેન્ડીંગ પડી છે જેથી અરજદારો સરકારી કચેરીઓના ધક્કા ખાઇ રહ્યાં છે. અમદાવાદ મહાનગર પાલિકામાં પણ 300થી વધુ કર્મચારીઓને ચૂંટણીલક્ષી કામગીરીમાં જોડવામાં આવ્યાં છે જેના લીધે ટેક્સની કામગીરી પર અસર થઈ છે. આ ઉપરાંત મિલકત સીલ કરવા સહિત અન્ય કામગીરી ઠપ થઈ છે. શિક્ષકોને બુથ લેવલ ઓફિસરની કામગીરી સોંપવામાં આવી છે, જેના કારણે શાળાઓમાં વિદ્યાર્થીઓ જાણે નોંધારાં બન્યાં છે. કોઈ ભણાવનાર જ નથી પરિણામે SIRની કામગીરીને લીધે શિક્ષણકાર્ય પર ખૂબ જ અસર પડી છે. ઘણી શાળાઓમાં તો શિક્ષકો વિના એક વર્ગમાં બે ધોરણના વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા મજબૂર થવુ પડ્યુ છે. આંગણવાડીમાં પણ વર્કર બહેનો જ નથી. આંગણવાડી વર્કરોને પણ SIRની કામગીરી સુપરત કરાઇ છે જેથી બાળકોનું ધ્યાન રાખનાર જ નથી. સાથે સાથે સગર્ભા મહિલાઓની પોષણલક્ષી કામગીરી પર અસર પહોંચી છે. આંગણવાડી વર્કરોને તો એક પછી એક કામ માથે થોપી દેવાય છે જેથી આ મામલે કલેક્ટર-ઉચ્ચ કક્ષાએ પણ રજૂઆત કરાઇ છે. દાંતા સહિત અન્ય ઠેકાણે તો આંગણવાડી વર્કરોએ બીએલઓની કામગીરીમાંથી મુક્ત કરવાની માંગ સાથે દેખાવો કર્યાં છે. SIRની કામગીરીને લઇને કોંગ્રેસ પ્રતિનિધીમંડળે ગાંધીનગરમાં મુખ્ય ચૂંટણી અધિકારીને રજૂઆત કરી કે, ગુજરાતમાં અલગ અલગ સ્થળે મતદારના નામ હોય તો એપ્લિકેશનના માધ્યમથી કેમ ચકાસણી કરાતી નથી. ડુપ્લીકેટ મતદારોને શોધવા માટે કેન્દ્રીય-રાજ્ય ચૂંટણી પંચ પાસે કોઇ વ્યવસ્થા છે ખરી? ડબલિયા મતદારોને શો કોઝ નોટિસ આપી ખરાઇ કરવી જોઈએ. આ ઉપરાંત અમદાવાદ જેવા શહેરોમાં જ્યાં દબાણ હટાવાયા છે ત્યાં રહેતાં મતદારોને મતદાર યાદીમાં જોડવા માટે કેમ્પમાં આયોજન કરવું જોઇએ. જે સ્થળે રહેતાં હોય ત્યાં મતદાર યાદીમાં નામ ઉમેરવું જોઈએ. ઘણાં લોકો વિદેશમાં સ્થાયી થયાં છે તેમ છતાંય તેમના નામ મતદાર યાદીમાં છે તો આવા નામો રદ કરવા જોઈએ. રોજગારીની શોધમાં ઘણાં મતદારો શહેરમાં હોય છે એટલે તેઓ જ્યાં રહેતાં હોય તેમને મતદાર યાદીમાં સમાવિષ્ટ કરવા જોઈએ.

# વડોદરા કોર્પોરેશનનું દબાણો પર મેગા ઓપરેશન : અટલાદરામાં 45 દુકાને અને 11 ઝૂંપડા તોડ્યા

**વડોદરા, તા.21**

ચોમાસાની ઋતુ પુરી થયા બાદ પાલિકા તંત્ર ફરી એકવાર એક્શન મોડમાં આવી ગયું છે. શહેરના વિવિધ વિસ્તારોમાં થયેલા કાચા પાકા દબાણો, ગેરકાયદે ઢોરવાડા સહિત ગેરકાયદે ખડકાયેલા લારી, ગલ્લા, પથારા, શેડ જેવા દબાણો હટાવવાની કાર્યવાહી દબાણ શાખા દ્વારા શરૂ થઈ છે ત્યારે શહેરના દક્ષિણ વિસ્તારમાં આવેલા અટલાદરા-સ્વામિનારાયણ મંદિરના મેઈન રોડ-રસ્તા પર છેલ્લા કેટલાય વર્ષોથી અનેક ગેરકાયદે કાચી પાકી દુકાનો તથા ગેરકાયદે બંધાયેલા છાપરાવાળા કુલ 11 ઝુપડા અને 45 જેટલી ગેરકાયદે પર સપાટો બોલાવીને દબાણ શાખાએ બુલડોઝર ફેરવી દઈને રોડ રસ્તા ખુલ્લા કર્યા છે. આ કાર્યવાહીમાં સ્થાનિક પોલીસ કાફલો અને એસઆરપીની ટીમ તથા ફાયર બ્રિગેડ, વીજ નિગમનો સ્ટાફ, ટાઉન પ્લાનિંગ સ્ટાફ, એમ્બ્યુલન્સની ટીમના સહયોગથી કાર્યવાહી વિના વિઘ્ને સફળતાપૂર્વક



પાર પડી હતી.

ઉલ્લેખનીય છે કે, શહેરના દક્ષિણ વિસ્તારમાં અટલાદરા-નારાયણ મંદિર વિસ્તાર હરણફાળ ગતિએ પ્રગતિ કરી રહ્યો છે. પરિણામે દિન પ્રતિદિન વાહનોની અવરજવર સહિત લોકોની આવન જાવન પણ વધી ગઈ છે. જ્યારે બીજી બાજુએ ટ્રાફિક વધી જતા રોડ રસ્તા પર પણ ટ્રાફિક જામના દ્રશ્યો વારંવાર સર્જાયા કરે છે.

દરમિયાન આ વિસ્તાર મુખ્ય રોડ રસ્તા પર ગેરકાયદે કાચી પાકી દુકાનો સહિત છાપરાવાળા અને કાચા પાકા મકાનો ગેરકાયદે હોવા અંગે પાલિકા તંત્રને વારંવાર ફરિયાદો મળી હતી. જેથી આ વિસ્તારના વાહન વ્યવહારને સરળ બનાવવાના ઈરાદે પાલિકા તંત્ર એકશનમાં આવ્યું હતું. પરિણામે દબાણ શાખાની ટીમ ચારથી પાંચ જેટલા બુલડોઝરો, ડોઝરો, સહિત કાટમાળ ભરવા માટે ટ્રકો આજે સવારથી જ અટલાદરા વિસ્તારના સ્વામિનારાયણ મંદિર રોડ પર પહોંચી ગઈ હતી. સ્થાનિક પોલીસ સ્ટાફ તથા એસઆરપીની ટીમ પણ તૈનાત થઈ હતી.

# પંચાયતના મહિલા સદસ્યને જાતિવિષયક અપશબ્દો બોલી મારી નાખવાની ધમકી...

**ગાંધીનગર, તા.21**

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના વડવાસા ગામે ઘર આંગણે રસ્તા વચ્ચે ટ્રેક્ટર મુકવા જેવી સામાન્ય બાબતે ગ્રામ પંચાયતના મહિલા સદસ્ય અને તેમના પતિ સાથે ગાળાગાળી કરી, જાતિવિષયક અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ઘટના સામે આવી છે. આ અંગે દહેગામ પોલીસ મથકે એટ્રોસીટી એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી છે.




પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, વડવાસા ગામના હનુમાનજી મંદિર પાછળ આવેલા વાલ્મીકી વાસમાં રહેતા રંજનબેન પ્રવીણભાઈ સોલંકી વડવાસા ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૧ માં સદસ્ય તરીકે સેવા આપે છે અને પતિ સાથે મજૂરી કામ કરે છે. ગત રવિવારે રંજનબેન અને તેમના પતિ કામ પરથી ઘરે પરત ફર્યા ત્યારે તેમના ઘરના આંગણે જવાના રસ્તા પર લાકડા ભરેલું એક ટ્રેક્ટર-ટ્રોલી પડેલું હતું. રાત્રિના આશરે આઠ વાગ્યાના સુમારે ગામના જ કનુજી ચેનાજી ગોહિલ અને લાલાજી કનુજી ગોહિલ ટ્રેક્ટર પાસે આવ્યા હતા. જ્યારે રંજનબેન અને તેમના પતિએ કહ્યું કે, અમારા ઘરના રસ્તા આગળ ટ્રેક્ટર પડેલ છે. જેથી અમને આવવા જવામાં તકલીફ પડે છે, ત્યારે બંને શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા. જેમણે ઉશ્કેરાઈને બિભત્સ ભાષામાં ગાળો બોલવાનું શરૂ કર્યું હતું અને જાતિવિષયક અપશબ્દો બોલી કહ્યું હતું કે, અહીંયાથી આ ટ્રેક્ટર નહીં હટે. આટલેથી ન અટકતા, બંનેએ ધમકી આપતા કહ્યું હતું કે, જો અમારું નામ ફરીથી લીધું છે તો તમને જાનથી મારી નાખીશું. ઘટના સમયે હોબાળો થતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને ઝઘડો વધે નહીં તે માટે તેમણે ૧૧૨ હેલ્પલાઈન પર ફોન કરતા પોલીસ વાન આવી પહોંચી હતી, જેને જોઈને આ શખ્સો ટ્રેક્ટર લઈને ભાગી ગયા હતા.

# વડોદરામાં લંગડી નેશનલ્સ ચેમ્પિયનશીપનો પ્રારંભ : 100 વર્ષના વારસાને કરશે પુનર્જીવિત

**વડોદરા, તા.21**

વડોદરામાં આજથી 15મી જુનિયર નેશનલ લંગડી ચેમ્પિયનશીપનો પ્રારંભ થયો છે, ત્યારે લંગડીને 2010માં રાષ્ટ્રીય માન્યતા મળી હોવા છતાં ઓલિમ્પિક એસોસિએશનની માન્યતા પ્રાપ્ત ન થતા લંગડી એસોસિએશન ગુજરાત દાતાઓની મદદથી રમતને પ્રોત્સાહિત કરી રહ્યું છે.

બાળપણની લોકપ્રિય રમત લંગડીને પરંપરાગત ભારતીય રમતોના પાયા તરીકે માનવામાં આવે છે. ખો-ખો, વોલીબોલ અને જિમ્નાસ્ટિક્સ જેવી રમતો માટેની તાલીમમાં પણ લંગડી ઉપયોગી સાબિત થાય છે. રાષ્ટ્રીય લંગડી ફેડરેશનને 2010માં રાષ્ટ્રીય માન્યતા મળી હતી.





વડોદરામાં 1918માં સર સયાજીરાવ ગાયકવાડે સ્થાપેલી હિંદવિજય જીમખાનાના માધ્યમથી લંગડીનું પ્રસાર-પ્રસાર વધારે વેગવાન બન્યું હતું. આજે પણ લંગડી એસોસિએશન ગુજરાત આ વારસાને આગળ ધપાવી રહ્યું છે. આ રમતમાં ખર્ચ ઓછો આવે અને બાળકોને શારીરિક તથા માનસિક રીતે સ્વસ્થ રાખે તેવી આ રમત આજે ફરી લોકપ્રિય બની રહી છે. ભારતીય ઓલિમ્પિક એસોસિએશન તરફથી લંગડીની માન્યતા હજી પેન્ડિંગ છે. જો માન્યતા મળે તો રમતના વિકાસના નવા માર્ગ ખુલશે.

વડોદરા શહેરના કીર્તિસ્થંભ પાસે ગુજરાત ક્રિડા મંડળ ખાતે 21 થી 23 નવેમ્બર દરમિયાન 15મી જુનિયર નેશનલ લંગડી ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં આંધ્ર પ્રદેશ, ગોવા, મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ અને ગુજરાત સહિત વિવિધ રાજ્યોના 250 ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. 23 નવેમ્બરે વિજેતા ખેલાડીઓને સન્માનિત કરવામાં આવશે.

લંગડી એસોસિએશન ગુજરાતના સેક્રેટરી યોગેશ મુલે અને જોઈન્ટ સેક્રેટરી દિલીપ ઠસાલ જણાવે છે કે રમત રસપ્રદ અને જરૂરી હોવા છતાં સરકારી સ્પર્ધાઓમાં તેનો સમાવેશ થતો નથી તેમજ કોઈ સરકારી સહાય પણ મળતી નથી. ખેલ મહાકુંભમાં લંગડીને સ્થાન આપવા માટે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતને રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ બજેટના અભાવે મદદ મળી નથી. તેને કારણે દાતાઓની મદદથી જ ટુર્નામેન્ટ્સ શક્ય બને છે.

વડોદરાના હર્ષ સાવંત, શ્લોક પવળે, કૃષ્ણ ઠક્કર, ભાર્ગવી વસાવા સહિતના ખેલાડીઓએ રાષ્ટ્રીય સ્તરે નામના મેળવી છે. ગુજરાતની ટીમો અનેક ફોર્મેટમાં ચેમ્પિયન બની ગોલ્ડ મેડલ જીત્યા છે. છતાં લંગડીને હજી પૂરતી માન્યતા નથી મળી, જેના કારણે રમત વિકાસના માર્ગે પડકારો યથાવત છે.

# અમદાવાદમાં આવેલી વીસ લકઝુરીયસ હોટલોના વેસ્ટ વોટર યુઝર ચાર્જમાં દોઢ લાખ રુપિયા સુધીનો વધારો કરવા મંજુરી

## વિશ્વ બેન્ક પાસેથી 125 કરોડની લોન મળવાની સંભાવના, આગામી વર્ષથી શહેરની તમામ કોમર્શીયલ મિલકતમાં વેસ્ટ વોટર યુઝર ચાર્જ પધ્ધતિનો અમલ

**અમદાવાદ, તા.21**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને શહેરના સુઅરેજ ઈન્ફ્રાસ્ટ્રકચર અને અન્ય કામગીરી માટે વિશ્વબેન્કની લોન મળી છે. વિશ્વબેન્ક તરફથી પર્ફોમ બેઈઝ કન્ડીશન મુજબ વધુ ૧૨૫ કરોડ લોન મેળવવા કોમર્શીયલ પ્રોપર્ટીમાં યુઝર બેઈઝ વોટર ટેક્સ લેવાનો થાય છે. ગુરુવારે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં શહેરની ૨૦ જેટલી થ્રી સ્ટાર અને ફોર સ્ટાર હોટલો પાસેથી પ્રોપર્ટીટેક્સ બિલના આધારે નહીં પરંતુ હોટલ દ્વારા જનરેટ થતા વેસ્ટ વોટર મુજબ યુઝર ચાર્જ વસુલાશે.એક અંદાજ મુજબ પ્રતિ હોટલ વેસ્ટ વોટર યુઝર ચાર્જમાં દોઢ લાખ રુપિયા સુધીનો વધારો ઝીંકાશે.વર્ષ-૨૦૨૬-૨૭થી



તમામ પ્રકારની કોમર્શીયલ મિલકતને માટે વેસ્ટ વોટર યુઝર ચાર્જની નવી પધ્ધતિ મુજબ આવરી લઈઆ ચાર્જને વાર્ષિક બિલીંગમાં સમાવાશે.

ગુજરાત રેસીલીયન્સ સીટી પ્રોગ્રામ હેઠળ વિશ્વબેન્ક ફંડીંગ ના અમલીકરણ માટે પ્રોજેક્ટ ઈમ્પલીમેન્ટેશન મેન્યુઅલ બનાવાયુ છે.જે મુજબ કોમર્શીયલ મિલકત માટે વેસ્ટ વોટર યુઝર ચાર્જની નવી પધ્ધતિ અમલમાં મુકવા તાકીદની દરખાસ્તને સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં મંજુરી અપાઈ છે.નવી વેસ્ટ વોટર યુઝર ચાર્જ પધ્ધતિનો અમલ શહેરની ૨૦ જેટલી લકઝુરીયસ હોટલથી શરુ કરવા નિર્ણય કરાયો છે.આ હોટલો દરરોજ ૧૦ કિલોલીટરથી વધુ વેસ્ટ વોટર જનરેટ કરે છે.મ્યુનિસિપલ કોર્પોરેશનના બોર્ડની મંજુરી મળ્યા પછી આ હોટલો પાસેથી પ્રોપર્ટી ટેકસબીલના આધારે નહીં પરંતુ કેટલો વેસ્ટ વોટર જનરેટ હોટલ દીઠ કરવામા આવે છે તેના આધારે વેસ્ટ વોટર યુઝર ચાર્જ વસુલાશે.વેસ્ટ વોટર યુઝર ચાર્જ પ્રતિ કિલોલીટર ૨૮ મુજબ વસુલ કરવા હાલ મંજુરી અપાઈ છે.જો કે મ્યુનિસિપલ કોર્પોરેશનની બોર્ડ બેઠકની મંજુરી પછી આ વેસ્ટ યુઝર ચાર્જની વસુલાત કરાશે.

# દુબઈથી ગિફ્ટ પેકેટ આવ્યું હોવાનું જણાવી યુવક પાસેથી ₹2.75 લાખ પડાવી લીધા

**વડોદરા, તા.21**

વડોદરામાં વાઘોડિયા તાલુકાના અલવા ગામે રહેતો વિનોદ બળવંતભાઈ પઢીયાર વાઘોડિયા જીઆઈડીસીની કંપનીમાં નોકરી કરે છે. વાઘોડિયા પોલીસ સ્ટેશનમાં તેણે ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે ગયા મહિને હું ફેસબુક જોતો હતો. તે દરમિયાન મારા




મોબાઈલમાં એક ફોટા પર ક્લિક કર્યું હતું. ત્યારબાદ મોબાઈલમાં વોટ્સએપ એપ્લિકેશન મારફતે કોલ આવ્યો હતો અને અજાણ્યા વ્યક્તિઓ વાત કરી જણાવ્યું હતું કે હું ઝમઝમ ઈલેક્ટ્રોનિક(બડે ભાઈ છોટે ભાઈ) દુબઈથી છોટે ભાઈ બોલું છું અને તમને ઈનામ લાગ્યું છે. ઈનામમાં બે આઈફોન તથા સોનાની બુટી, કડીઓ, ડોક્યુ અને પાંચ લાખ રોકડા છે. તેણે મને ફોટા મોકલ્યા હતા તેને જણાવ્યું હતું કે તમારું ગિફ્ટ પેકેજ મુંબઈ એરપોર્ટ આવી ગયુ છે જેમાં તમારે પૈસા જમા કરાવવાના છે તેની વાતોમાં આવીને મેં મારા Google Payથી કુલ 2.75 લાખ જમા કરાવ્યા હતા તેને વધારે પૈસા માગતા મને શંકા જતા તપાસ કરતા મારી સાથે છેતરપિંડી થઇ હોવાનું જણાઈ આવ્યું હતું.

# વડોદરાના ઝેનિથ સ્કૂલ પાસે ખુલ્લા પ્લોટમાં લાકડાના જથ્થાનો ખડકલો હટાવી લેવા સ્થાનિક રહીશોની માંગ

**વડોદરા, તા.21**

વડોદરાના પ્રતાપ નગર ત્રણ રસ્તાથી ઝેનિથ સ્કૂલ તરફ જવાના મેઈન રોડ પર ખુલ્લા પ્લોટમાં કેટલાક લોકો દ્વારા જૂના બારી બારણા સહિત લાકડાનો ખડકલો કરી દેતા ક્યારેક નાની ચિનગારીની આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરે તેવી શક્યતા નકારી શકાતી નથી. વાયરલ થયેલા વિડિયોએ લાકડાનો ખડકાયેલો જથ્થો તંત્રના છુપા આશીર્વાદ વિના આવી હકીકત શક્ય બને જ નહીં. તંત્ર આ બાબતે જરૂર કાર્યવાહી કરે એવી સ્થાનિકોની માંગ છે.

ઉલ્લેખનીય છે કે, પ્રતાપ નગર ત્રણ રસ્તાથી ઝેનિથ સ્કૂલ તરફ જવાના મેઈન રોડ રસ્તા પરના ખુલ્લા રસ્તે જાહેર રોડ પર જુના બારી, બારણા સહિત અન્ય લાકડાનો જથ્થો ખડકાઈ ગયાનો વિડીયો વાયરલ થયો છે. જોકે આવી બાબત પાલિકા તંત્રની જાણ બહાર હોઈ શકે નહીં તેવો સ્થાનિક રહીશોએ આક્ષેપ કર્યો છે. આવી રીતે ખડકાયેલો લાકડાનો જથ્થો ક્યારેક અગ્નિની નાની ચિનગારીથી સર્જાતી આગ વિકરાળ સ્વરુપ ધારણ કરી શકે છે. જેથી સ્થાનિકોની માંગ છે કે આ બાબતે સલામતીના કારણોસર તાત્કાલિક ધોરણે પાલિકા તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી થાય એ જરૂરી છે.

સને 1965માં એટલે કે, 70 વર્ષ અગાઉ શહેરના મદનઝાંપા રોડ પર પથ્થર ગેટ પાસે આવેલા લાકડાના પીઠામાં કોઈક કારણોસર




ભીષણ આગ ફાટી નીકળી હતી. જેમાં સમગ્ર લક્કડપીઠું મળીને ખાક થઈ ગયું હતું. વડોદરાના ફાયર બ્રિગેડ તંત્રને શહેર આસપાસના અન્ય ફાયર બ્રિગેડના ફાયર ફાઈટરોની પણ મદદ મળી હતી. આ ભીષણ આગ કલાકોની ભારે જહેમત બાદ કાબુમાં આવી હતી. ત્યારબાદ આ જગ્યાએથી લક્કડપીઠાના તમામ વેપારીઓને તાત્કાલિક ધોરણે ખસેડી દેવાયા હતા.

# સુઘડમાં ચાલવા નીકળેલા યુવાનના હાથમાંથી મોબાઇલ ઝૂંટવી બે ફરાર

## ઘર પાસે ચાલવા નીકળેલો યુવાન બહેન સાથે વાત કરતો હતો તે દરમિયાન ઘટના બની

**ગાંધીનગર, તા.21**

ગાંધીનગર શહેર નજીક સુઘડ પાસે આવેલી પાર્શ્વનાથ એટલાન્ટિક વસાહતમાં રહેતો યુવાન રાત્રિના સમયે ચાલવા નીકળ્યો હતો તે દરમિયાન બાઈક ઉપર આવેલા બે ગઠિયાઓ તેના હાથમાંથી ફોન ઝૂંટવીને ફરાર થઈ ગયા હતા. જે સંદર્ભે અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેર તેમજ આસપાસના વિસ્તારમાં છેલ્લા થોડા સમયથી ચોરીની ઘટનાઓ




વધી રહી છે ત્યારે હવે ગઠિયાઓ ચાલતા જઈ રહેલા વ્યક્તિઓને પણ નિશાન બનાવી રહ્યા છે. આ સ્થિતિમાં ગાંધીનગર શહેર નજીક આવેલા સુઘડ ગામની પાર્શ્વનાથ એટલાન્ટિક વસાહતમાં રહેતા અને મુંબઈની ખાનગી કંપનીમાં નોકરી કરી વર્ક ફ્રોમ હોમ કરતા યુવાન સૌરભ અનિતકુમાર ઝાને નિશાન બનાવવામાં આવ્યો છે. જે ઘટના સંદર્ભે મળતી વિગતો પ્રમાણે સૌરભ નિત્યક્રમ મુજબ ગત સોમવારના રોજ સાંજે જમીને ઘર પાસે રોડ ઉપર ચાલવા માટે નીકળ્યો હતો. આ દરમિયાન તે નવી બની રહેલી અધીરત સેલ્સ ગેલેરીની સાઈટ પાસે પહોંચ્યો ત્યારે પાછળથી કાળા રંગના બાઈક પર બે શખ્સો આવ્યા હતા અને તે તેની બહેન સાથે ફોન ઉપર વાત કરી રહ્યો હતો તે દરમિયાન તેના હાથમાં રહેલો ફોન ઝૂંટવીને આ શખ્સો ફરાર થઈ ગયા હતા. જોકે તે શરૂઆતમાં ગભરાઈ ગયો હતો પરંતુ ત્યાર પછી તેમનો પીછો કર્યો હતો પરંતુ તે હાથ આવ્યા ન હતા. જેથી આ ઘટના સંદર્ભે અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ૪૦ હજારના મોબાઈલની ચોરીનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

# વડોદરા રેલવે સ્ટેશન પર સ્પેશ્યલ મેજિસ્ટ્રેટ ચેકિંગ : 161 ખુદાબક્ષો ઝડપાયા, ₹50 હજાર દંડ વસુલ કર્યો

**વડોદરા, તા.21**

વડોદરા રેલવે સ્ટેશન પર સ્પેશ્યલ મેજિસ્ટ્રેટ ચેકિંગ હાથ ધરાતા એકતાનગર જન શતાબ્દી અને સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ટ્રેનમાં ટિકિટ વગર તથા રેલવે નિયમોનો ઉલ્લેખન કરનાર બેદરકારો સામે કાર્યવાહી થઈ હતી. આ કાર્યવાહીમાં આરપીએફ અને જીઆરપીની ટીમો પણ જોડાઈ હતી. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (રેલવે), વડોદરાની સૂચનાથી વડોદરા રેલવે સ્ટેશન ઉપર ગઈકાલે તા.19/11/2025ના રોજ સ્પેશિયલ ચેકિંગ કરાયું હતું. આ ચેકિંગ દરમિયાન પેસેન્જર ટ્રેન



એકતાનગર જન શતાબ્દી અને સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ટ્રેનમાં નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં ટિકિટ વગર મુસાફરી કરી રહેલા ખુદાબક્ષો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. સાથે તેઓને આગામી તા.13 ડિસેમ્બરે આયોજિત લોકઅદાલત અંગે પણ સમજ આપી હતી. ટિકિટ વગરના મુસાફરો ઉપરાંત, મહિલા અને વિકલાંગ કોચમાં પ્રવેશ કરનારાઓ સામે પણ કાર્યવાહી કરાઈ હતી. આ ચેકિંગ દરમ્યાન, રેલવેમાં ટિકિટ વગર મુસાફરી કરનાર કુલ 161 મુસાફરોને ઝડપી પાડી તેઓની પાસેથી કુલ રૂ.50,115 નો દંડ વસૂલવામાં આવ્યો હતો. આ સ્પેશ્યલ ચેકિંગમાં રેલવે મેજિસ્ટ્રેટ એ.આર.ગોરની સાથે રેલવ કોર્ટ વડોદરાના સ્ટાફના સભ્યો, પ્રોસિક્યુશન સ્કવોડ વડોદરાના ચીફ ટિકિટ ઈન્સ્પેક્ટર પી.કે.ઝા અને તેમની ટીમ તેમજ રેલવે પોલીસ ફોર્સ વડોદરા વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# બૌદ્ધ ધર્મને માનનારો, પણ સેક્યુલર છું : CJI ગવઈ

## ધર્મનિરપેક્ષતા પિતા પાસેથી શીખી; ચીફ જસ્ટિસનો આજે છેલ્લો વર્કિંગ ડે, 23 નવેમ્બરના રોજ રિટાયરમેન્ટ

**નવી દિલ્હી, તા.21**

ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) બીઆર ગવઈએ ગુરુવારે એક વિદાય સમારંભમાં કહ્યું, 'હું બૌદ્ધ છું, પણ ખરેખર એક ધર્મનિરપેક્ષ વ્યક્તિ છું. હું હિન્દુ ધર્મ, શીખ ધર્મ અને ઈસ્લામ સહિત તમામ ધર્મોમાં માનું છું.'

જસ્ટિસ ગવઈએ વધુમાં કહ્યું, 'મેં મારા પિતા પાસેથી ધર્મનિરપેક્ષતા શીખી. મારા પિતા પણ કટ્ટર ધર્મનિરપેક્ષતાવાદી અને ડૉ. બાબાસાહેબ આંબેડકરના અનુયાયી હતા.' CJIએ એડવોકેટ્સ ઓન રેકોર્ડ એસોસિએશન (SCAORA) દ્વારા આયોજિત તેમના વિદાય સ્વાગત સમારોહમાં આ ટિપ્પણીઓ કરી.

શુક્રવાર, સુપ્રીમ કોર્ટમાં CJI બીઆર ગવઈનો છેલ્લો કાર્યકારી દિવસ છે. તેઓ 23 નવેમ્બરે નિવૃત્ત થઈ રહ્યા છે. જસ્ટિસ સૂર્યકાંત ભારતના આગામી મુખ્ય ન્યાયાધીશ બનશે. તેઓ 24 નવેમ્બરે પદ સંભાળશે. જસ્ટિસ કાંત 53મા CJI તરીકે 14 મહિનાનો કાર્યકાળ પૂર્ણ કરશે. તેઓ 9 ફેબ્રુઆરી, 2027ના રોજ નિવૃત્ત થશે. સીજેઆઈ ગવઈએ કહ્યું કે જ્યારે હું નાનો હતો, ત્યારે મારા પિતા રાજકીય કાર્યક્રમો માટે અલગ અલગ સ્થળોએ મુસાફરી કરતા હતા. તેમના (પિતાના) મિત્રો કહેતા, 'સાહેબ, ચાલો જઈએ! અહીંની દરગાહ પ્રખ્યાત છે' અથવા 'ગુરુદ્વારા ખૂબ સરસ છે,' તેથી હું તેમની સાથે જતો. આમ, હું બધા ધર્મો માટે આદરના વાતાવરણમાં મોટો થયો.

CJI બીઆર ગવઈએ 4 નવેમ્બરના રોજ કહ્યું હતું કે લોકશાહીના ત્રણ અંગો કારોબારી, અદાલતો અને સંસદ લોકોના કલ્યાણ માટે સાથે મળીને કામ કરે છે; કોઈ પણ એકલા રહીને કાર્ય કરી શકતું નથી. ભારતીય બંધારણમાં સમાવિષ્ટ સ્વતંત્રતા, ન્યાય અને સમાનતાના સિદ્ધાંતો દરેક સંસ્થાના કાર્યનો પાયો છે.

તેમણે કહ્યું, 'ન્યાયતંત્ર પાસે ન તો તલવારની તાકાત છે કે ન તો શબ્દોની તાકાત. આવી સ્થિતિમાં, જનતાનો વિશ્વાસ તેની સૌથી મોટી તાકાત છે. કારોબારી તંત્રની સંડોવણી વિના, ન્યાયતંત્ર અને કાનૂની શિક્ષણને પર્યાપ્ત માળખાકીય સુવિધા પૂરી પાડવી મુશ્કેલ છે.'



ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) બીઆર ગવઈએ જણાવ્યું હતું કે ડિજિટલ યુગમાં છોકરીઓ નવા પડકારો અને જોખમોનો સામનો કરી રહી છે. ટેક્નોલોજી સશક્તિકરણ નહીં પણ શોષણનું સાધન બની ગઈ છે. ઓનલાઈન ઉત્પીડન, સાયબર ધમકી, ડિજિટલ સ્ટોકિંગ, વ્યક્તિગત ડેટાનો દુરુપયોગ અને ડીપફેક ફોટા આજે છોકરીઓ માટે મુખ્ય ચિંતાઓ બની ગઈ છે.

મુખ્ય ન્યાયાધીશ (CJI) બીઆર ગવઈએ જણાવ્યું હતું કે ભારતીય ન્યાયિક વ્યવસ્થા કાયદાના શાસન હેઠળ કાર્ય કરે છે, અને બુલડોઝર કાર્યવાહી માટે કોઈ સ્થાન નથી. તેમણે ઉમેર્યું હતું કે તાજેતરના સુપ્રીમ કોર્ટના ચુકાદામાં, કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે આરોપી સામે બુલડોઝર કાર્યવાહીનો ઉપયોગ કાનૂની પ્રક્રિયાનું ઉલ્લંઘન છે.

કાયદા મંત્રાલયે ગુરુવારે, 30 ઓક્ટોબરના રોજ જાહેરાત કરી હતી કે સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ ન્યાયાધીશ જસ્ટિસ સૂર્યકાંત 24 નવેમ્બરના રોજ ભારતના 53મા મુખ્ય ન્યાયાધીશ (CJI) તરીકે શપથ લેશે. તેઓ વર્તમાન CJI ભૂષણ રામકૃષ્ણ ગવઈનું સ્થાન લેશે.

જસ્ટિસ સૂર્યકાંત ભારતીય ન્યાયતંત્રમાં ટોચના પદ પર પહોંચનારા હરિયાણાના પ્રથમ વ્યક્તિ હશે. તેમના નામની ભલામણ કરતા, CJI ગવઈએ જણાવ્યું હતું કે જસ્ટિસ સૂર્યકાંત સુપ્રીમ કોર્ટનું નેતૃત્વ કરવા માટે યોગ્ય અને સક્ષમ છે.

હરિયાણામાં ન્યાયાધીશ સૂર્યકાંતની યાત્રા હિસારના એક અજ્ઞાત ગામ પેટવાડથી શરૂ થઈ હતી. તેઓ સત્તાના કોરિડોર સાથે સંકળાયેલા વિશેષાધિકારોથી દૂર મોટા થયા હતા. તેમના પિતા શિક્ષક હતા. તેમણે 8મા ધોરણ સુધી ગામડાની શાળામાં અભ્યાસ કર્યો, જ્યાં બેસવા માટે કોઈ બેન્ચ નહોતી. અન્ય ગ્રામજનોની જેમ, ન્યાયાધીશ સૂર્યકાંત પણ પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા માટે નવરાશના સમયમાં ખેતરોમાં કામ કરતા હતા. તેમણે પહેલીવાર આ શહેર જોયું જ્યારે તેઓ હિસારના એક નાના શહેર હાંસી ગયા, જ્યાં તેઓ તેમની 10મા ધોરણની બોર્ડની પરીક્ષા આપવા ગયા.

# બિહારમાં 20 વર્ષ બાદ નીતિશ કુમારે ગૃહ મંત્રાલય છોડ્યું....

## ભાજપના સમ્રાટ ચૌધરીને જવાબદારી મળી, ફાઈનાન્સ JDU પાસે, મંગલ પાંડે ફરીથી આરોગ્ય મંત્રી બન્યા

**પટના, તા.21**

નીતિશ કુમારના મંત્રીમંડળમાં મોટો ફેરફાર થઈ રહ્યો છે. પહેલીવાર નીતિશ કુમારે ગૃહ વિભાગ છોડી દીધો છે. આ વિભાગ હવે ભાજપ પાસે ગયો છે. નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી ગૃહ વિભાગની જવાબદારી સંભાળશે.

મંગલ પાંડેને આરોગ્ય વિભાગ સોંપવામાં આવ્યો છે. પ્રથમ વખત મંત્રી બનેલી રાષ્ટ્રીય શૂટર શ્રેયસી સિંહને રમતગમત વિભાગ સોંપવામાં આવ્યો છે.

વહેલી સવારે સમ્રાટ ચૌધરી ભાજપના મંત્રીઓના વિભાગોની યાદી લઈને મુખ્યમંત્રી ગૃહ પહોંચ્યા હતા. બંને નેતાઓએ લગભગ 50 મિનિટ સુધી વાત કરી હતી. સૂત્રોના જણાવ્યા



અનુસાર, સમ્રાટ ચૌધરીએ ભાજપના મંત્રીઓના વિભાગોની યાદી મુખ્યમંત્રી નીતિશ કુમારને સોંપી છે.

ત્યારબાદ, JDUના કયા મંત્રીઓને કયા વિભાગો ફાળવવામાં આવશે તેની ચર્ચા કરવા માટે નીતિશ કુમાર સાથે, બધા વરિષ્ઠ નેતાઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. CM નીતિશ કુમારે લગભગ દોઢ કલાક સુધી બેઠક યોજી હતી અને ભાજપ દ્વારા વિનંતી કરાયેલા વિભાગોની ચર્ચા કરી હતી. બેઠકમાં લલ્લન સિંહ, સંજય ઝા અને વિજય કુમાર ચૌધરી હાજર રહ્યા હતા.

# બેકાબૂ ટેન્કર પોલ સાથે અથડાયું ને વિસ્ફોટ થયો

## ડ્રાઈવર અંદર જ હાડપિંજર બની ગયો; દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પરની દુર્ઘટનાનો રૂંવાડાં ઊભાં કરતો વીડિયો

**જયપુર, તા.21**

રાજસ્થાનના દૌસામાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર એક બેકાબૂ ટેન્કર LED પોલ સાથે અથડાયું. ટક્કર પછી ટેન્કરમાં બ્લાસ્ટ થયો અને આગ લાગી, જેનાથી ડ્રાઈવર જીવતો સળગી ગયો.

આ અકસ્માત રાહુવાસ પોલીસ સ્ટેશન વિસ્તારમાં શુક્રવારે બપોરે 12 વાગ્યે થયો. અકસ્માતના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે,



જેમાં ટેન્કર દિલ્હી તરફથી આવી રહ્યું છે અને ટક્કર બાદ ધમાકા સાથે આગ લાગી ગઈ.

ASP દિનેશ અગ્રવાલે જણાવ્યું હતું કે ટ્રક ઉન્નાવ (ઉત્તરપ્રદેશ)થી મુંબઈ મીટ લઈને જઈ રહી હતી. ડુંગરપુર ઈન્ટરચેન્જ પાસે ટેન્કરનું ટાયર ફાટી ગયું, જેનાથી એ બેકાબૂ થઈને LED પોલ સાથે અથડાયું.

એવી આશંકા છે કે ACમાં સ્પાર્કિંગ થયા પછી આગ લાગી, જેનાથી અંદર બેઠેલો ડ્રાઈવર જીવતો બળી ગયો. ડ્રાઈવરની ઓળખ ઉન્નાવ નિવાસી આકાશ (ઉં.વ.26) તરીકે થઈ છે.

# MPમાં કોલ્ડવેવ, 12 શહેરોમાં પારો 10 ડિગ્રીથી નીચે

## બદ્રીનાથમાં તાપમાન માઈનસ 6 ડિગ્રી નોંધાયું, દિલ્હી વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર, AQI 506 પહોંચ્યો

**નવી દિલ્હી, તા.21**

મધ્યપ્રદેશમાં છેલ્લા 15 દિવસથી ભારે ઠંડી પડી રહી છે. છેલ્લા 24 કલાકમાં ભોપાલ અને ઈન્દોર સહિત 12 શહેરોમાં તાપમાન 10 ડિગ્રીથી નીચે ગયું છે. રાજગઢમાં સૌથી ઓછું તાપમાન 7.5 ડિગ્રી નોંધાયું છે. જબલપુરમાં ગાઢ ધુમ્મસ છવાયું છે. શુક્રવારે ઈન્દોર, ભોપાલ, રાજગઢ, શાજાપુર અને સિહોરમાં કોલ્ડવેવનું એલર્ટ આપવામાં આવ્યું છે.ઉત્તરાખંડમાં છેલ્લા કેટલાક સમયથી વરસાદના અભાવે વાતાવરણમાં ભેજનો અભાવ છે, જેના કારણે ઠંડી પડી રહી છે. બદ્રીનાથમાં તાપમાન માઈનસ 6 ડિગ્રીથી નીચે છે. મેદાનીય વિસ્તારોમાં સવારનો ધુમ્મસ છવાયેલો છે. હવામાનશાસ્ત્રીઓના મતે, આગામી થોડા દિવસો સુધી રાજ્યમાં હવામાન એવું જ રહેશે. વધુ હિમવર્ષા થવાની સંભાવના છે. આ દરમિયાન, દિલ્હી-NCRમાં પ્રદૂષણ સતત વધી રહ્યું છે. ગુરુવારે, દિલ્હીનો એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) 506 હતો, જે જોખમી કેટેગરીમાં આવે છે. વિશ્વભરમાં વાયુ પ્રદૂષણને માપતી આંતરરાષ્ટ્રીય સંસ્થા IQ એર દ્વારા ગુરુવારે લાઈવ રેન્કિંગમાં, દિલ્હીને વિશ્વના સૌથી પ્રદૂષિત શહેર તરીકે સ્થાન આપવામાં આવ્યું હતું.

## જજે કહ્યું- રાહુલ ગાંધી 18 ડિસેમ્બરે હાજીર હોં

# 7 મહિના પહેલા રાહુલે કહ્યું હતું- ભગવાન રામ કાલ્પનિક છે, વારાણસી કોર્ટમાં સુનાવણી થશે

**વારાણસી, તા.21**

કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી અને તેમના વકીલ વારાણસી કોર્ટમાં હાજર રહ્યા નહોતા. પરિણામે, તેમના કેસમાં સુનાવણી થઈ શકી નહીં. હવે 18 ડિસેમ્બરે સુનાવણી થશે. ખાસ જસ્ટિસ (એમપી-એમએલએ) યજુર્વેદ વિક્રમ સિંહે આદેશ આપ્યો કે રાહુલ ગાંધી અથવા તેમના વકીલ આગામી સુનાવણી (18 ડિસેમ્બર) માટે કોર્ટમાં હાજર રહે જેથી સુનાવણી થઈ શકે.



અમેરિકાના ન્યૂયોર્કમાં બ્રાઉન યુનિવર્સિટીમાં રાહુલ ગાંધી પર ભગવાન રામને કાલ્પનિક કહેવાનો આરોપ છે. વકીલ હરિશંકર પાંડેએ આ મામલે સમીક્ષા અરજી કરી છે.

21 એપ્રિલના રોજ, બ્રાઉન યુનિવર્સિટીમાં તેમણે રામને કાલ્પનિક કહ્યા હતા એડવોકેટ હરિશંકર પાંડેએ 12 મેના રોજ અરજી કરી હતી. તેમાં તેમણે દાવો કર્યો હતો કે રાહુલ ગાંધી 21 એપ્રિલના રોજ બોસ્ટન, અમેરિકા ગયા હતા. ત્યાં બ્રાઉન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે તેમનું એક સેશન હતું.

અહીં રાહુલ ગાંધીએ ભગવાન શ્રી રામ વિશે વિવાદાસ્પદ નિવેદનો આપ્યા હતા. તેમણે ભગવાન શ્રી રામને 'પૌરાણિક' ગણાવ્યા હતા અને તે યુગ વિશે કહેવામાં આવેલી કહાનીઓને કાલ્પનિક ગણાવી હતી. હરિશંકર પાંડેએ ફરિયાદ નોંધાવી હતી કે રાહુલ ગાંધી અને કોંગ્રેસ પાર્ટી સનાતન ધર્મના અગાઉના અવતાર અને મહાન પ્રતીકો વિશે પાયાવિહોણા નિવેદનો આપીને હિન્દુઓનું સતત અપમાન કરી રહ્યા છે.

અરજદારની મેંટેનિબિલિટી પર પહેલા કોર્ટમાં ચર્ચા કરવામાં આવશે, ત્યારબાદ નક્કી કરવામાં આવશે કે રાહુલ ગાંધી સામે કેસ ચલાવવો જોઈએ કે નહીં.

17 મેના રોજ પહેલી અરજી, પછી 26 સપ્ટેમ્બરના રોજ રિવિઝન અરજી હરિશંકર પાંડેએ એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (MP-MLA)ની કોર્ટમાં ફરિયાદ કરી હતી. સુનાવણી પછી, સ્પેશિયલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (MP-MLA) એ 17 મે, 2025 ના રોજ ફરિયાદ ફગાવી દીધી હતી. 26 સપ્ટેમ્બરના રોજ, હરિશંકર પાંડેએ જિલ્લા જજની કોર્ટમાં રિવિઝન અરજી કરી હતી.

હરિશંકર પાંડેએ કહ્યું, 'રાહુલ ગાંધીએ ભગવાન રામના અસ્તિત્વ પર સવાલ ઉઠાવીને રાષ્ટ્રની ભાવનાઓને ઠેસ પહોંચાડી છે. રાહુલ ગાંધી 'રામ દ્રોહી' છે. તેમની સરકારે રામ મંદિરનો વિરોધ કર્યો હતો. આ પછી, તેઓ વિદેશ ગયા અને ભગવાન રામના અસ્તિત્વ પર સવાલ ઉઠાવી રહ્યા છે.'

વકીલે રાહુલના નિવેદનોના આધારે કેસ દાખલ કરવાની માંગ કરી. અરજીની સમીક્ષા કર્યા પછી, જિલ્લા અને સત્ર અદાલતની MP-MLA કોર્ટે વકીલને 19 મેના રોજ સુનાવણીની મંજૂરી આપી. તે દિવસે સુનાવણી થઈ, અને કોર્ટે પોતાનો આદેશ અનામત રાખ્યો.

રાહુલ ગાંધીને પૂછવામાં આવ્યું કે હિન્દુ રાષ્ટ્રવાદના યુગમાં ધર્મનિરપેક્ષ રાજકારણ કેવું હોવું જોઈએ? શું મહાત્મા ગાંધીના વિચારોનો ઉપયોગ તેની વિરુદ્ધ થઈ શકે છે? જવાબમાં રાહુલ ગાંધીએ કહ્યું, 'ભારતના બધા મહાન સુધારકો અને વિચારકો, જેમ કે બુદ્ધ, ગુરુ નાનક, ગાંધી અને આંબેડકર, ભેદભાવ વિના રહ્યા. તેઓ ક્ષમાશીલ, દયાળુ અને સહિષ્ણુ હતા. જોકે, ભાજપનો અભિગમ હિન્દુત્વનું પ્રતિનિધિત્વ કરતો નથી, પરંતુ નફરત ફેલાવે છે.'

# બ્રાઝિલમાં COP30 ક્લાઈમેટ સમિટમાં ભયંકર આગ, 13 ઘાયલ

## ભારતના પર્યાવરણમંત્રી ભૂપેન્દ્ર યાદવ સહિત 190 દેશના ડેલિગેટ્સ હાજર હતા, તમામનો આબાદ બચાવ

**બ્રાઝિલ, તા.21**

ગુરુવારે બ્રાઝિલના બેલેમ શહેરમાં UN COP30 ક્લાઈમેટ સમિટના મુખ્ય સ્થળે આગ લાગી હતી, જેમાં 13 લોકોને ઈજાઓ થઈ હતી. આગ લાગી ત્યારે ભારતના પર્યાવરણમંત્રી ભૂપેન્દ્ર યાદવ પણ ભારતીય પ્રતિનિધિમંડળ સાથે હાજર હતા, જોકે તેઓ અને અન્ય અધિકારીઓ સુરક્ષિત રીતે ઘટનાસ્થળેથી નીકળી ગયા.

સ્થાનિક સમય અનુસાર બપોરે 2 વાગ્યે (ભારતીય સમય મુજબ રાત્રે 10.30 વાગ્યે) કન્વેન્શન હોલની અંદરના પેવેલિયનમાં આગ લાગી હતી. આ કાર્યક્રમ સમયે 190થી વધુ દેશોના 50,000થી વધુ ડિપ્લોમેટ, પત્રકારો અને એક્ટિવિસ્ટ પેવેલિયનમાં ભેગા થયા હતા.

ભારતીય મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ઘટના સમયે બ્લૂ ઝોનમાં ભારતીય પ્રતિનિધિમંડળ સાથે યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસ અને ભારતના પર્યાવરણમંત્રી ભૂપેન્દ્ર યાદવ પણ હાજર હતા. આગની જાણ થતાં જ બધાને સ્થળ પરથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. આગના કારણે હજારો લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાસ્થળના વીડિયો અને ફોટામાં લોકો





પોતાનો જીવ બચાવવા માટે ભાગતા જોવા મળ્યા હતા. એ જ સમયે મંડપમાંથી જ્વાળાઓ અને કાળો ધુમાડો નીકળતો જોવા મળ્યો. આ ધુમાડો ઘણા કિલોમીટર દૂરથી પણ જોઈ શકાતો હતો.

ઘટનાસ્થળે ડઝનબંધ એમ્બ્યુલન્સ અને ફાયર એન્જિન દોડી ગયાં હતાં. બાદમાં આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો, એમ કાર્યક્રમના આયોજકો, UN COP30 પ્રેસિડેન્સી અને UNFCCC એ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું. આગ લાગ્યાના થોડીવાર પછી આ વિસ્તારમાં ભારે વરસાદ શરૂ થયો, જેના કારણે સ્થળની બહાર આવેલા હજારો લોકો વરસાદમાં પલળી ગયા હતા.

યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેન્જ (UNFCCC)ની વાર્ષિક COP30 ક્લાઈમેટ સમિટ 10થી 21 નવેમ્બર સુધી ચાલશે, જેમાં 190થી વધુ દેશોના હજારો લોકો ભાગ લેવા પહોંચ્યા છે. તેમના નિવેદનમાં આયોજકોએ મહેમાનોને કાર્યક્રમ સંબંધિત માહિતી માટે આગામી સૂચના સુધી રાહ જોવા જણાવ્યું છે.

પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પોલીસે પ્રવેશ બંધ કરી દીધો હતો અને વિસ્તારને ઘેરી લીધો હતો. આગની માહિતી મળતાં જ ડઝનબંધ એમ્બ્યુલન્સ અને ફાયર એન્જિન તાત્કાલિક પહોંચી ગયાં હતાં અને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી.

કાર્યક્રમના આયોજકો, UN COP30 પ્રેસિડેન્સી અને UNFCCCએ એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે લગભગ 6 મિનિટમાં આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો.

યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેન્જ (UNFCCC)ની વાર્ષિક COP30 ક્લાઈમેટ સમિટ 10 થી 21 નવેમ્બર દરમિયાન યોજાઈ રહી છે.

આગને કારણે ઘણી મહત્વપૂર્ણ બેઠકો રદ અથવા ટાળવામાં આવી છે. શુક્રવાર સાંજે પૂર્ણ થવાને બદલે, કોન્ફરન્સ હવે શનિવાર મોડી રાત્રે અથવા શનિવાર સુધી લંબાવવામાં આવી શકે છે.

COP30એ 30મું વાર્ષિક UN જળવાયુ સંમેલન છે, જે 11 થી 22 નવેમ્બર 2025 દરમિયાન બ્રાઝિલના બેલેમમાં યોજાઈ રહ્યું છે. વિશ્વના લગભગ તમામ દેશોના 56,000થી વધુ નેતાઓ, રાજદ્વારીઓ, વૈજ્ઞાનિકો, પત્રકારો અને આબોહવા કાર્યકરો તેમાં ભાગ લઈ રહ્યા છે.

તેનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્લોબલ વોર્મિંગને 1.5 ડિગ્રીથી નીચે રાખવા માટે એક નવી અને મજબૂત પ્લાન બનાવવાનો છે, જેમાં ઈંધણ (કોલસો, તેલ, ગેસ) થી સંપૂર્ણ દૂર રહેવા માટેનો રોડમેપ સામેલ છે. આમાં ગરીબ દેશોને વાર્ષિક 1 ટ્રિલિયન ડોલર સુધીની જળવાયુ સહાયતા અને એમેઝોનના જંગલોના રક્ષણ માટેના મોટા નિર્ણયોનો સમાવેશ થાય છે.

આ સંમેલન મહત્વપૂર્ણ છે કારણ કે 2025 એ પેરિસ કરાર હેઠળ નવા અને મજબૂત જળવાયુ લક્ષ્યો રજૂ કરવા માટેનું પ્રથમ મુખ્ય વર્ષ છે.

# મોદી G20 સમિટમાં ભાગ લેવા માટે દક્ષિણ આફ્રિકા જવા રવાના

## ત્રણ દિવસના પ્રવાસમાં દુનિયાના દિગ્ગજ નેતાઓને મળશે, ટ્રમ્પે સમિટનો બહિષ્કાર કર્યો

**નવી દિલ્હી, તા.21**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે સવારે દક્ષિણ આફ્રિકાના ત્રણ દિવસના પ્રવાસ માટે રવાના થયા. મોદી આજે સાંજે 6 વાગ્યા સુધીમાં દક્ષિણ આફ્રિકા પહોંચે તેવી અપેક્ષા છે. તેઓ જોહાનિસબર્ગમાં 20મા G20 સમિટમાં ભાગ લેશે.

આ વર્ષની G20 બેઠકનું આયોજન દક્ષિણ આફ્રિકા કરી રહ્યું છે. PM મોદી 21 થી 23 નવેમ્બર સુધી દક્ષિણ આફ્રિકામાં રહેશે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, વડાપ્રધાન ત્રણ મુખ્ય સત્રોમાં ભાષણ આપશે.

સમિટ દરમિયાન, PM મોદી અનેક દેશોના નેતાઓ સાથે વ્યક્તિગત મુલાકાત કરશે. તેઓ ભારત-બ્રાઝિલ-દક્ષિણ આફ્રિકા (IBSA) દેશોની બેઠકમાં પણ હાજરી આપશે.

2016માં દ્વિપક્ષીય મુલાકાત અને 2018 અને 2023માં બે બ્રિક્સ સમિટ બાદ, મોદીની દક્ષિણ આફ્રિકાની આ ચોથી સત્તાવાર મુલાકાત છે.

આ દરમિયાન, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે G20 સમિટનો બહિષ્કાર કર્યો છે. અમેરિકાથી એક પણ અધિકારી હાજરી આપી રહ્યા નથી.

જતા પહેલા, મોદીએ એક નિવેદન આપીને કહ્યું, 'હું દક્ષિણ આફ્રિકાના અધ્યક્ષતામાં જોહાનિસબર્ગમાં 21-23 નવેમ્બર દરમિયાન 20મા G20 સમિટમાં



ભાગ લેવા માટે પ્રવાસ કરી રહ્યો છું. આ મુલાકાત દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસાના આમંત્રણ પર થઈ રહી છે.'

મોદીએ વધુમાં જણાવ્યું હતું કે આ સમિટ ખાસ રહેશે કારણ કે તે આફ્રિકામાં યોજાનારી પ્રથમ G20 સમિટ હશે. 2023માં ભારતના G20ની અધ્યક્ષતા દરમિયાન, આફ્રિકન યુનિયન G20નું સભ્ય બન્યું હતું.

મોદીએ કહ્યું કે આ સમિટ મુખ્ય વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરવાની તક હશે. આ વર્ષના G20ની થીમ 'એકતા, સમાનતા અને સ્થિરતા' છે, જેના દ્વારા દક્ષિણ આફ્રિકાએ નવી દિલ્હી, ભારત અને રિયો ડી જાનેરો, બ્રાઝિલમાં યોજાયેલી અગાઉની સમિટના પરિણામોને આગળ ધપાવ્યા છે.

તેમણે કહ્યું કે તેઓ આ સમિટમાં ભારતના 'વસુધૈવ કુટુંબકમ' ના વિઝનને ફરીથી સમર્થન આપશે, જેનો અર્થ 'એક પરિવાર અને એક ભવિષ્ય' થાય છે. મોદીએ IBSA સમિટમાં હાજરી આપવા વિશે પણ વાત કરી. આ મુલાકાત દરમિયાન, મોદી દક્ષિણ આફ્રિકામાં રહેતા ભારતીય પ્રવાસીઓ સાથે પણ મુલાકાત કરશે.

દક્ષિણ આફ્રિકામાં માનવાધિકાર ઉલ્લંઘનનો હવાલો આપીને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે તેઓ G20 સમિટમાં હાજરી આપશે નહીં.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી કે દક્ષિણ આફ્રિકામાં શ્વેત ખેડૂતો પર અત્યાચાર થઈ રહ્યો છે, અને તેથી કોઈ પણ યુએસ અધિકારી ત્યાં જશે નહીં.

અમેરિકાના વિદેશ સચિવ માર્કો રુબિયોએ પણ સમિટમાંથી પોતાની ગેરહાજરીની જાહેરાત કરી. તેના જવાબમાં, ભારતમાં દક્ષિણ આફ્રિકાના હાઈ કમિશનર અનિલ સૂકલાલે કહ્યું કે G20 એટલું મોટું પ્લેટફોર્મ બની ગયું છે કે એક દેશની ગેરહાજરી તેનું કાર્ય રોકી શકતું નથી.

## તંત્રી લેખ

# દિલ્હીની વાત : શિવકુમારના નિવેદન પછી કર્ણાટકમાં ગરમાગરમ ચર્ચા

નવીદિલ્હી : કર્ણાટકમાં છેલ્લા કેટલાક મહિનાઓથી નેતૃત્વ પરિવર્તન બાબતે ચર્ચા ચાલી રહી છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને બદલીને ઉપમુખ્યમંત્રી તેમજ પક્ષપ્રમુખ ડી કે શિવકુમારને મુખ્યમંત્રી બનાવવાની વાત વારંવાર થતી રહે છે. હવે ડી કે શિવકુમારના એક નિવેદને ફરીથી આ ચર્ચાને જીવંત રાખી છે. શિવકુમારએ કહ્યું છે કે તેઓ ટૂક સમયમાં પક્ષ પ્રમુખ તરીકે રાજીનામું આપી દેશે. પક્ષના એક કાર્યક્રમમાં શિવકુમારએ કાર્યકરોને કહ્યું હતું કે, 'હું આ પદ પર કાયમી ધોરણે રહી શકું નહીં. સાડા પાંચ વર્ષથી હું પ્રદેશ પ્રમુખ તરીકે કામ કરૂ છું.' એમના કહેવા પ્રમાણે એમણે હવે પ્રદેશ પ્રમુખનું પદ છોડવું પડે એમ છે. ત્યાર પછી એમણે આડકતરો ઈશારો કરતા કહ્યું કે તમે ચિંતા નહીં કરતા હું ઉચ્ચપદ પર રહેવાનો છું. રાજકીય વિશ્લેષકો આ નિવેદનનો એવો અર્થ કાઢે છે કે, પ્રદેશ પ્રમુખ તરીકે તેઓ રાજીનામું આપે એટલે એમને સિદ્ધારમૈયાને બદલે મુખ્યમંત્રી બનાવવામાં આવશે. જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લા આજકાલ થોડા દુઃખી દેખાય છે. એમણે કહ્યું છે કે, કેટલીક વ્યક્તિઓએ કરેલા આતંકી હુમલાને કારણે સમગ્ર કાશ્મીર ખીણ વિસ્તારના લોકો બદનામ થાય છે. ફક્ત આટલું જ નહીં, પરંતુ કાશ્મીરના લોકોને પણ ટાર્ગેટ કરવામાં આવે છે. કાશ્મીરીઓનું જે રીતે પ્રોફાઈલીંગ થઈ રહ્યું છે એને કારણે બહારની વ્યક્તિઓ સાથે વાતચીત કરતા ડરે છે. ઉમરે આ વાત દિલ્હી લાલ કિલ્લા બહાર થયેલા આત્મઘાતી બ્લાસ્ટ સંદર્ભમાં કહી હતી. આતંકવાદી હુમલામાં કાશ્મીરના કેટલાક ડોક્ટરો પણ સામેલ હતા. અબ્દુલ્લાએ કહ્યું હતું કે, 'આ હુમલા માટે જવાબદાર તો થોડા લોકો જ છે, પરંતુ વાતાવરણ એવું બનાવવામાં આવ્યું છે કે બધા જ જવાબદાર હોય.' કેન્દ્રએ ૨૦૧૯માં કહ્યું હતું કે, હવે બધુ ઠીકઠાક થઈ જશે. પરંતુ જમ્મુ - કાશ્મીરને બે કેન્દ્રશાષીત પ્રદેશોમાં વિભાજીત કર્યા પછી પણ કંઈ બદલાયું નથી. એક કહેવત છે કે કરે કોઈ અને ભોગવે કોઈ. દિલ્હીમાં થયેલા બ્લાસ્ટ માટે અલ-ફલાહ યુનિવર્સિટીના સીઈઓની ધરપકડ પણ થઈ છે. અલ-ફલાહ યુનિવર્સિટીની માન્યતા રદ કરવામાં આવી છે. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી (એએમયુ) ખાતે ૨૨મી નવેમ્બરથી નોર્થ ઝોન ક્રિકેટ ટૂર્નામેન્ટ રમાવાની છે. આ ટૂર્નામેન્ટમાં અલ-ફલાહ યુનિવર્સિટીની ટીમ પણ રમવાની હતી. જોકે હવે એસોસીએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટીઝ (એઆઈયુ)એ અલ-ફલાહની ટીમ પર પ્રતિબંધ મૂકી દીધો છે. ૨૭મી નવેમ્બરે અલ-ફલાહ યુનિવર્સિટી અને માનવ રચના યુનિવર્સિટી વચ્ચે મેચ રમાવાની હતી. હવે શિડયુલમાં ફેરફાર થશે. ટૂર્નામેન્ટમાં ઉત્તર ભારતની ૮૪ યુનિવર્સિટીની ટીમો ભાગ લઈ રહી છે. એમ કહેવાય છે કે, જાસુસી સંસ્થાઓના રીપોર્ટ પછી અલ-ફલાહ યુનિવર્સિટીને બ્લેક લીસ્ટ કરવામાં આવી છે. બિહાર વિધાનસભાની ચૂંટણીના જીત પછી નિતિશકુમારએ બિહારમાં મુખ્યમંત્રી તરીકે સોગંદ લીધા છે. હજી સુધી પણ પરિણામોનું વિશ્લેષણ ચાલુ છે. આ ચૂંટણીમાં ૧૧ બેઠકો એવી છે કે જ્યાં હાર - જીતનો ફેસલો હજાર કરતા ઓછા મતથી થયો છે. બે બેઠકો પર તો ૫૦ કરતા ઓછા મતોનું માર્જીન હતું. સૌથી મોટી જીત ૭૩ હજાર કરતા વધુ મતોથી થઈ છે. જેડીયુના કલાધર મંડલને આ જીત મળી છે.

# સાવધાન રહીએ તો સંસારમાં સંન્યાસ છે, અને બાકી અસાવધાની સંન્યાસમાં પણ સંસાર છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

માનસ સાવધાની ચોથા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ કહ્યું કે, પ્રત્યેક વ્યક્તિએ સાવધાન રહેવું જોઈએ. આપણાં અંતઃકરણ ચતુષ્કોણ એટલે મન બુદ્ધિ ચિત્ત અને અહંકાર! આ ચારેયમાં સાવધાની જરૂરી છે, અને એમાં સાવધાની રાખીએ તો એ અંતઃકરણની પ્રવૃત્તિને પ્રમાણ માનવામાં આવે છે. આપણે ત્યાં વેદોને પ્રમાણ માનવામાં આવ્યાં છે, એટલે કે વેદ કહે એ પ્રમાણે જીવવું, ઘણીવાર અનુમાન પ્રમાણ પણ હોય છે, એટલે કે ત્યાં ધુમાડો છે, માટે અગ્નિ હશે! કોઈ વાર પ્રત્યક્ષ પ્રમાણ એટલે કે પાણી દેખાય છે, માટે પૂર આવ્યું હશે, પણ દેખાતું હોય એ પણ ખોટું હોઈ શકે, જેમ કે મૃગજળ. વેદનું પ્રમાણ સાચું છે, પણ આપણે એનો સાર ન પકડી શકીએ તો ગડબડ થઈ શકે, અને એટલે જ નરસિંહ કહે છે, ગ્રંથ ગરબડ કરી! એવું જ અનુમાન પ્રમાણનું છે,એટલે કે ધુમાડો નીકળતો હોય, પણ અગ્નિ ન પણ હોય, ઠંડીના દિવસોમાં તો આપણા મોઢામાંથી પણ ધુમાડા નીકળતાં હોય છે, અને એટલે જ બુદ્ધ પુરુષો કહે છે કે અંતઃકરણની પ્રવૃત્તિ જ સાચું પ્રમાણ છે. આ અંતઃકરણમાં ચાર ચાર ચીજ છે, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. એક વ્યક્તિને ચાર દોરડેથી બાંધી અને ચારે જણા જુદી જુદી દિશામાં ખેંચે, તો એ વ્યક્તિ પાસે મરવા સિવાય બીજો કોઈ માર્ગ ન રહે! બસ એ જ રીતે મન, બુદ્ધિ, ચિત્ત, અને અહંકાર માનવીને પોતાનું કહ્યું માનવા માટે કહે છે, પરંતુ આ ચારેયમાં સાવધાની રાખી હોય એને સાચું પ્રમાણ પ્રાપ્ત થાય છે. તો આ સાવધાન શબ્દ આધ્યાત્મિક પણ છે, અને વ્યવહારિક અર્થમાં પણ છે, અને એટલે જ સાવધાનીનો અર્થ જાગૃતિ કરવો, જાગતા રહેવું દરેક ક્રિયા પ્રક્રિયામાં સાવધાની રહેવી જોઈએ.

એક પ્રશ્ન, ભગવાનની પૂજા કે પ્રાર્થના કરીએ, ત્યારે એમાં સાવધાની કેવી રીતે રાખવી?

સુનિ બિરંચી મન હરષ તન પુલકિ નયન બહ નીર,

અસ્તુતિ કરત જોરી કર સાવધાન મતિધીર.

દેવતાઓએ ભગવાનની સ્તુતિ કરી ત્યારે સૌથી પહેલા મનને સાવધાન કરી દીધું મનહર્ષિદ થયું, એનો મતલબ કે પહેલી જાગૃતિથી આપણું મન પ્રસન્ન થવું જોઈએ. પૂજા પાઠમાં બહુ અઘરા નિયમ બનાવવાની દેશ કાળ પ્રમાણે જેટલું થાય એટલું, પણ મૂળ વાત પૂજા કરવાથી મન પ્રસન્ન થવું જોઈએ, પૂજા કેવળ યંત્રવત થવી જોઈએ નહીં. બુદ્ધિ ક્રિયા કે કર્મ કરાવનાર છે માનસમાં ત્રીજો ઘાટ કર્મનો ઘાટ છે પરંતુ માણસે અકર્મણ્ય ન થવું જોઈએ! પૂરેપૂરાં સત્સંગથી અંદરથી કૃપાનું એક રૂપ પ્રગટ થઈ જશે. આજકાલ તો વિજ્ઞાનની શોધને કારણે એરપોર્ટમાં પણ નિયત જગ્યાએ પગ પડે તો દરવાજા એની મેળે ખુલી જતા હોય છે એમ સાધકે



કર્મઠ રહેવું, જ્યાં નિત્ય ગંગા યમુના અને સરસ્વતી વહે. ચોથો ઘાટ છે શરણાગતિનો ઘાટ જેને મહાપ્રભુજી નિઃસાધનતા કહે છે. આપણામાં જ્ઞાન ન હોય આપણામાં ઉપાસના પણ ન હોય, તો કોઈ સમર્થની શરણાગતિ લેવી. શરણાગતિ બોલવું સારું લાગે પરંતુ તત્વ તો શરણાગતિ મોટેભાગે અસંભવ છે જ્યાં થઈ જાય છે ત્યાં કંઈ વિશેષ કરવાનું રહેતું જ નથી! વ્યાસપીઠ ના સંદર્ભમાં કહ્યું કે મારે કોઈ ચેલા નથી, હું કોઈનો ગુરુ નથી, મારા કોઈ ફોલોવર્સ નથી! બધા જ ફ્લાવર છે. દુનિયામાં કેટલી એ પ્રકારનાં ગાર્ડન છે, અને ખાસ્સાં મોટા પણ હોઈ શકે, પરંતુ વ્યાસપીઠ પાસે જે ગાર્ડન છે, એવું ભાગ્યે જ ક્યાંક બીજે હશે! હું મારા દાદા નો એટલે કે ગ્રાન્ડફાધર નો શિષ્ય માત્ર છું. મારા દાદાએ મને પાંચ વસ્તુ શીખવી હતી,કે બેટા આટલું કરજે, એમાં સાવધાન શબ્દ પ્રયોગ છે માટે એ હું તમને કહું. ૧) સંભવ હોય ત્યાં સુધી સત્ય બોલવું અને પ્રિય બોલવું, હું ઈમાનદારી પૂર્વક કોશિશ કરી રહ્યો છું.

૨) રોજ રામચરિતમાનસ અને ગીતાનો પાઠ કરવો, એ પણ નિરંતર ચાલ્યા કરે છે. ૩) કોઈની ઈર્ષા ન કરવી અને નિંદા પણ ન કરવી! ઈર્ષા જીવથી થાય છે અને નિંદા જીભથી થાય છે. ૪) જીવનમાં બને એટલું મૌન રહેવું, અને પોતાના ઈષ્ટ મંત્રનો જાપ કરવો. ૫) અહંકારથી સાવધાન રહેવું. અહંકાર તદ્દન ટળી જાય એ મહા મુશ્કેલ છે પરંતુ આપણે સાવધાન રહેવું. તુલસીએ વિનય પત્રિકામાં કુંભકર્ણને અહંકાર કહ્યો છે.

આપણા જીવનમાં સત્સંગ કરતા કરતા જો સાવધાની આવી જાય તો એ એકવીસમી સદીનો સંન્યાસ છે, અને સન્યાસમાં પણ જો સાવધાની હોય તો એ સંસાર છે. ભારતીય મુનિઓ નું મનોવિજ્ઞાન કહે છે કે ગુણ એને કાર્ય કરવા પ્રેરિત કરે છે રજોગુણી હશે એ પ્રમાણે કાર્ય કરશે એ પ્રમાણે અને સત્વગુણી હશે એ પ્રમાણે કર્મ કરશે, અને આત્મમંથન કે આત્મસુદન માટે નીકળી પડશે ઓશો એને જાગરણ કહે છે. શંકરાચાર્યએ ઉદ્દ્ભુષણ કરી એવી ભાગ્યે જ કોઈએ કરી હશે; પ્રસન્ન ચિત્તે પરમાત્મ દર્શનમ્, મન હર્ષિત થયું, તન પુલકિત થયું, પૂજા કરતા કરતા શરીરમાં રોમાન્સ થાય, નૃત્ય નું મન થાય આંખમાં પાણી આવી જાય પાગલ જેવી દશા નો અનુભવ થાય, એ બધાં જ આપણાં સત્યનાં પ્રમાણ છે, જે આપણને ભરતજી તરફ લઈ જશે એટલે કે અસહ્ય પ્રેમી બનાવશે.

ભરતજી પ્રેમાવતાર છે અને પ્રેમના ચરિત્ર ને સાંભળવા માટે સાવધાન થવું બહુ જરૂરી છે. ભરતજી આખી અયોધ્યાને ચિત્રકૂટ લઈ જાય છે એ પ્રસંગ સાવધાની સૌથી સાંભળીએ આ યાત્રામાં જે જે ઘટનાઓ ઘટી છે આપણા જીવનનું સત્ય છે, આખી અયોધ્યા, તુલસી એ મંથરા એવું સ્પષ્ટ નથી લખ્યું, પરંતુ ભરત પ્રેમી છે, પ્રેમી ભેદ નથી કરતાં, એટલે મંથરાને પણ લઈ ગયા હશે. આ યાત્રામાં પાંચ પડાવ એવા આવે છે જ્યાં પરમ પ્રેમની કસોટી થાય છે. ભરતના સ્વાગત માટે રિદ્ધિ સિદ્ધિ એ ગંગાનાં તટ પર સ્વર્ગમાં પણ ન હોય એટલી વ્યવસ્થા કરી, જેને ભોગમાં રુચિ હતી એ બધા ભોગવવામાં પ્રવૃત્તિ થઈ ગયા, બીજું ભારદ્વાજ આશ્રમ રુપી પિંજરામાં ભરતરૂપી ચકવો અને સંકટ સંપત્તિરૂપી ચકવીને ભેગા કરવાની કોશિશ કરી પરંતુ સંપત્તિ રૂપી ચકવી ભરત રૂપી ચકવા પર પ્રભાવ ન પાડી શકે, ભરતજી એનાથી અલિપ્ત રહ્યાં. ત્રીજું કોઈ બુદ્ધ પુરુષ કસોટી કરે. ચોથું દેવી સંકટ આવે એટલે કે દેવતાઓ કસોટી કરે! જેમ આ પ્રસંગમાં ઈન્દ્ર કસોટી કરવા વિચાર્યું. પાંચમું અને અંતિમ પરિવારનાં સભ્ય જ તમારા વિરોધી બને જેમ કે ખુદ લક્ષ્મણ ભરત વિરુદ્ધ કહે છે, કે જો એ રાજતિલક કરાવવાં આવ્યો હશે, અને મારા પ્રભુને હાની પહોંચાડવાનું વિચાર્યું હશે, તો હું એને મૃત્યુદંડ આપીશ. આ કથામાં લૌકિક સાવધાની અને અલૌકિક સાવધાનીની વાત થઈ રહી છે. ભરત ચરિત્ર અદભુત છે, સંગદિલનું એ ગૌમુખ છે, એ પ્રેમની ગંગોત્રી છે, ભરત પ્રેમનો જ અવતાર છે. માનસ સૂત્રોના માધ્યમથી, શબ્દોના માધ્યમથી, કે પ્રસંગોના માધ્યમથી, આપણી સમસ્યાઓનું સમાધાન આપે છે. દરેક સમસ્યાનું સમાધાન શાસ્ત્ર આપે જ છે, એવી એક પૂર્ણ ભરોસાની વાત કરી ચોથા દિવસની કથાને વિરામ આપ્યો.

# તાણા ગ્રામપંચાયતના સરપંચના સસ્પેન્શન હુકમને હાઈકોર્ટની ડબલ બેંચે કાયમી રાખ્યો

**સરપંચએ હાઈ કોર્ટમાં દાદ માંગતા સિંગલ જજની બેંચે સસ્પેન્ડના ઓર્ડરને રદ કરી ગયા ઓક્ટોમ્બર-2025 મહિનામાં ફરી સરપંચને ચાર્જ આપવાનો હુકમ કરેલો**




**યશપાલસિંહ ટી વાઘેલા થરા, તા. 21**

કાંકરેજ-ઓગડ તાલુકાના થરા નગરપાલિકાનો એક ભાગ જ બનેલા અને અડીને આવેલા ચામુંડા માતાજીની મહા સુદ સાતમની સમસ્ત ગામ સમૂહ ઉજાણીથી પ્રસિદ્ધ તાણા ગામમાં છેલ્લા કેટલાક સમયથી ભાજપ ના બે જુથોની અંદરોદરની ખેંચ તાણને કારણે સરપંચ અને ગ્રામ પંચાયત વિવાદનો અખાડો બની ગયા છે મૂળ હકીકત એવી છે કે આ ગ્રામ પંચાયતની ચુંટણી ૨૦૨૨માં યોજાયેલ જેમાં ભાજપના જ બે જૂથો સામસામે હતા જેમાં વર્તમાન સરપંચ દશરથભાઈ ઠક્કર ત્રણ વખતની ફેરમતગણતરી બાદ ૫(પાંચ)વોટ થી વિજેતા બનેલ. સુંદર વહીવટ ચાલતો હતો તેવું લોકો આજે પણ કહી રહયા છે છતાં તેમના વિરુદ્ધમાં ગત તા.૪/૪/૨૦૨૫ના રોજ ગ્રામ પંચાયતના ૨/૩થી વધુ સભ્યોએ સરપંચનું આપખુદી વર્તન અને વિકાસના કોઈ કામ ન થતા હોય અને બીજા અનેક આક્ષેપો સાથે અવિશ્વાસની દરખાસ્ત પસાર કરેલ હતી. સરપંચ સસ્પેન્ડ થતા ડેપ્યુટી સરપંચ અભુજી ઠાકોરને ચાર્જ આપવામાં આવેલો.ત્યારબાદ સરપંચએ હાઈ કોર્ટમાં દાદ માંગતા સિંગલ જજની બેંચે સસ્પેન્ડના ઓર્ડરને રદ કરી ગયા ઓકટોમ્બર-૨૦૨૫ મહિનામાં ફરી સરપંચને ચાર્જ આપવાનો હુકમ કરેલો.તેના વિરુદ્ધમાં ડેપ્યુટી સરપંચ અભુજીએ ડબલ બેન્ચમાં દાદ માંગતા ગત તારીખ ૧૮મી નવેમ્બર ૨૦૨૫ના રોજ હાઈકોર્ટની ડબલ બેન્ચના વિદ્વાન જજ સાહેબે સિંગલ જજની બેન્ચના હુકમને રદબાતલ ઠેરવી સસ્પેન્સનના ઓર્ડરને કાયમી રાખવાનો હુકમ કરતા ફરી ઉપસરપંચ અભુજીને ચાર્જ આપવામાં આવશે તેવું જાણવા મળ્યું છે તો આ બાબતે તપાસ કરતા સરપંચને કોઈ હુકમ મળ્યો નથી ને મળશે તો કાયદાના હુકમને શિરોમાન્ય ગણવામાં આવશે.આ બધા વચ્ચે શિયાળાની ઠંડીની શરૂઆતના દિવસોમાં જ કાંકરેજ ઓગડ તાલુકા અને તાણા-થરામાં રાજકીય ગરમી આવી ગઈ છે. તાણા ગ્રામપંચાયતની હદમાં દબાણો,બિન કાયદેસર બાંધકામો થરા તાણા રોડ પર ચોમાસામાં ભરાતા વરસાદી પાણી રખડતા પશુઓથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે પણ વર્તમાન રાજકીય કાવાદાવા બંધ કરી વિકાસ થાય તેવું લોકો ઈચ્છી રહ્યા છે. તાણા ગ્રામપંચાયતની ચૂંટણી રસપ્રદ રહેતી હોય છે. અને રાજકીય રીતે પણ કાયમ ચર્ચામાંરહેતીહોય તાણા ગ્રામપંચાયતની હદમાં દબાણો,બિન કાયદેસર બાંધકામો થરા તાણા રોડ પર ચોમાસામાં ભરાતા વરસાદી પાણી રખડતા પશુઓથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે પણ વર્તમાન રાજકીય કાવાદાવા બંધ કરી વિકાસ થાય તેવું લોકો ઈચ્છી રહ્યા છે. તાણા ગ્રામપંચાયતની ચૂંટણી રસપ્રદ રહેતી હોય છે. અને રાજકીય રીતે પણ કાયમ ચર્ચામાં રહેતી હોય.

# આંખમાં કામ રાખી જગતને જોશો તો મોહ થશે અને આંખમાં ઈશ્વરને રાખશો તો મોહનો નાશ થશે. ભક્તિની ભરતી થશે તો મોહમાં ઓટ આવશે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)



ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આગળ જોઈએ તો મોહિનીનું રૂપ જોઈ દૈત્યો કહેવા લાગ્યા, આહા ક્યા રૂપ હૈ! અતિ સુંદર! મોહિનીએ મોહનું રૂપ છે. મોહિનીમાં આસક્ત બને તેને અમૃત મળતું નથી.અરે હાથમાં આવેલું અમૃત તે ખોઈ બેસે છે. સૌંદર્ય આંખમાં છે,તેનો અધ્યરોપ મનુષ્ય વસ્તુમાં કરે છે.બાકી સુંદર તો એક શ્રીકૃષ્ણ છે. જગતમાં જે કંઈ સુંદર છેતે શ્રીકૃષ્ણની સુંદરતા ને કારણે સુંદર લાગે છે.મોહિની નો મોહ થાય તેને અમૃત મળતું નથી.પણ મનમોહન શ્રીકૃષ્ણમાં જેનું મન ફસાય તેને અમૃત મળે છે.તેના હાથમાંન હોય તોયઆવી મળેછે.ભક્તિ સિદ્ધ થયા વિના ભગવાન મળતા નથી અને સ્વરૂપ આસક્તિ વગર ભક્તિ સિદ્ધ થતી નથી. માટે કરવાનું કામ આ એક જ છે. ભક્તિ! ભક્તિની મોહિની લાગે તો ભગવાન વશ થાય છે. આંખમાં કામ રાખી જગતને જોશો તો મોહ થશે અનેઆંખમાં ઈશ્વરને રાખશો તો મોહ નો નાશ થશે.ભક્તિની ભરતી થશે તો મોહમાં ઓટ આવશે.

કોઈને થશેકે આ તો દૈત્યોની વાત છે ને?હું ક્યાં દૈત્ય છું? પણ દૈત્યો કોણ?પરસ્ત્રીનું ચિંતન કરેએ દૈત્ય મોહિની નારાયણનું સ્વરૂપ જોતાં દૈત્યોને મોહ થયો. મોહિની હસતાં હસતાં કહે,હું તમારું કલ્યાણ કરવા આવી છું! કારણ કે દૈત્યોને અમૃત ન મળે તેમાં જ તેઓનું કલ્યાણ છે. અમૃત મળશે તો તેઓનું અભિમાન વધશે,પાપ વધશે.જે દૈત્યોના હાથમાં અમૃત નો ઘડો હતો તેના તરફ મોહિની જુએ છે.દૈત્ય પ્રસન્ન થયો.બોલ્યો, દેવીજી,આ ઘડો તમને ભેટ આપું છું. કૃપા કરી તે સ્વીકારો!તેણે વિચાર્યુંકે,દેવીજી મારા ઘરેઆવશે મોહિની નારાયણે પૂછ્યું ઘડામાં શું છે?દૈત્યે કહ્યું કે, અમૃત છે! દેવી કહે,ઓહ,બહુ સરસ.લાવો, હું તમને વહેંચી આપું! દૈત્યે ઘડો આપી દીધો. મોહિની ભગવાને દૈત્યોની અને દેવોની જુદી જુદી પંગત કરી.એકબાજુ દેવો બેઠા છે. બીજી બાજુ દૈત્યો બેઠા છે. મોહિની પ્રથમ દૈત્યોના મંડળમાં ગયાં. દૈત્યોને કહે,તમારું કલ્યાણ કરવુંએ મારી ફરજ છે,પરંતુ ઉપર નું પાણી પાતળું અમૃત છે,જે ખરેખર અમૃત નથી તે પહેલાં દેવો ને આપી દઉં અને નીચેનો ચક્કો તર માલ તમને લોકોનેપીવડાવીશ

બિચારા મોહાંધ થયેલાતે બોલવા લાગ્યા,અચ્છા અચ્છા,તર માલ હમારે લિયે રખના! આપના હાથે એક ટીપું પીવા મળશે તોય ઘણું છે. બિચારા મોહમાં ભાન ભૂલેલા નહીંતર અમૃતમાં ઉપરનું અમૃત શું? પાણી જેવું અમૃત શું અને ચકો અમૃત શું?પણ બાહ્ય સૌંદર્ય માં ફસાયેલો વિવેક ખોઈ બેસે છે. તે પછી મોહિની ભગવાન દેવોને અમૃત પાવા લાગ્યાં. દૈત્યોમાં રાહુ નામનો એક દૈત્ય હતો.તેણે વિચાર્યું કે, આમાં કાંઈક કપટ છે. આવો વિચાર કરી રાહુ દેવોની પંગતમાં ચંદ્ર-સૂર્યની વચ્ચે આવી ને બેઠો. પંગતમાં વિષમતા નથાય, એટલે દૈત્ય છેએમ જાણવા છતાં મોહિનીએ તેને અમૃત પાયું. ભોજનમાં વિષમતા ન કરો. પંગતમાં વિસમતા કરે તેને સંગ્રહણીનો રોગ થાય છે.મનનો માલિક ચંદ્ર છે.ચંદ્ર એ મનનું સ્વરૂપ છે. બુદ્ધિનો માલિક સૂર્ય છે.સૂર્ય એ બુદ્ધિનું સ્વરૂપ છે.હાથ થી,જીભથી મનુષ્ય ભક્તિ કરે છે ત્યારે વિષય-રાહુ જલદી વિઘ્ન કરવા આવતો નથી પણ જ્યારે મન અને બુદ્ધિને પ્રભુના ધ્યાનમાં સ્થિર કરે છે ત્યારે રાહુ વિઘ્ન કરવા આવેછે મન-બુદ્ધિને ભક્તિ રૂપી અમૃત મળે તે રાહુથી સહન થતું નથી. ચંદ્ર-સૂર્યની વચમાં ઘૂસી જઈને દૈત્ય રાહુ અમૃત પીવા લાગ્યો,એ જોઈ ભગવાને સુદર્શન ચક્રથી તેનું માથું ઊડાવ્યું છે. એટલે કે જ્ઞાનરૂપી સુદર્શન ચક્રથી વિષય-રાહુને ઊડાવવો જોઈએ. એકલા જ્ઞાન થી કાંઈ વળતું નથી એટલે રાહુ અમર રહેલો છે.

ઈશ્વર અનુગ્રહ કરે છે ત્યારે જ મન નિર્વિષય બને છે. ગીતાજીકહે છેકે,વિષયોમાંનો રાગ,વિષયોમાં ની આસક્તિ તો પરમાત્માનો સાક્ષાત્કાર થાય,કૃપા થાય ત્યારે જ મટે છે.દૈત્યો ભગવાનની વિમુખ હતા એટલે તેઓને અમૃત મળ્યું નહીં.માટે સંસારની મોહિની માં ફસાશો નહીં.ફસાશો તો ભક્તિરૂપી અમૃત મળશે નહીં.

આમ મોહિની ભગવાને બધું અમૃત દેવોને પિવડાવી દીધું, અને ખાલી ઘડો દૈત્યો પાસે પછાડયો. દૈત્યો કહે છે,દગો,દગો!વિષ્ણુ સાડી પહેરીને આવ્યા. તને શરમ નથી!તે પછી દેવ-દૈત્યોનું ભયંકર યુદ્ધ થયું. દૈત્યોનો પરાજય થયો. સંસારની મોહિનીમાં જે ફસાય છે તે દૈત્ય છે.દૈત્યોનો પરિશ્રમ-તપ સંસાર સુખ માટે જ હોય છે. રાવણે ક્યાં ઓછું તપ કર્યું હતું? હિરણ્યકશિપુએ ક્યાં ઓછું તપ કર્યું હતું? પણ તેઓનું તપ ભોગ માટે હતું, ભગવાન માટે ન હતું. નારદજીને કૌતુક બહુ ગમે એટલે એ દોડયા કૈલાસમાં.ત્યાં જઈ શિવજીને કહે ,મોહિનીનારાયણનાં દર્શન કરવા ઝટ ઝટ વૈકુંઠ જાઓ એટલે શિવજી વૈકુંઠ આવ્યા. ભગવાન કહે કે,મારે તમારું મોહિની સ્વરૂપ જોવું છે. આમ મોહિની ભગવાને બધું અમૃત દેવોને પિવડાવી દીધું, અને ખાલી ઘડો દૈત્યો પાસે પછાડયો. દૈત્યો કહે છે,દગો,દગો!વિષ્ણુ સાડી પહેરીને આવ્યા. તને શરમ નથી!તે પછી દેવ-દૈત્યોનું ભયંકર યુદ્ધ થયું. દૈત્યોનો પરાજય થયો. સંસારની મોહિનીમાં જે ફસાય છે તે દૈત્ય છે.દૈત્યોનો પરિશ્રમ-તપ સંસાર સુખ માટે જ હોય છે. રાવણે ક્યાં ઓછું તપ કર્યું હતું? હિરણ્યકશિપુએ ક્યાં ઓછું તપ કર્યું હતું? પણ તેઓનું તપ ભોગ માટે હતું, ભગવાન માટે ન હતું. નારદજીને કૌતુક બહુ ગમે એટલે એ દોડયા કૈલાસમાં.ત્યાં જઈ શિવજીને કહે, મોહિનીનારાયણનાં દર્શન કરવા ઝટ ઝટ વૈકુંઠ જાઓ એટલે શિવજી વૈકુંઠ આવ્યા. ભગવાન કહે કે,મારે તમારું મોહિની સ્વરૂપ જોવું છે.પ્રભુએ લીલા કરી. એક સુંદર બગીચો દેખાયો, ત્યાં એક અતિ સુંદર સ્ત્રી હાથમાં દડો લઈ રમતી હતી. ભગવાનની માયાથી શંકર પણ મોહિત થયા. જ્ઞાનગંગા માથે રાખે અને ધર્મ ઉપર સવારી કરેછે તેને કામ શું અસર કરી શકે!પણ ભગવાનની માયાને તરવી બહુ મુશ્કેલ છે.ગીતામાં ભગવાને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે,મારી આ ગુણમયી માયાને તરવી બહુ જ મુશ્કેલ છે,પરંતુ જે મારે શરણે આવે છે તેજ તેને તરી શકે છે. શિવજીએ વિચાર્યું કે,દર્શનમાં આટલો આનંદ આવે છેતો મિલન માં કેટલો આનંદ આવશે?એટલે એ મિલન માટે આતુર થાય,ને દોડ્યા ત્યારે ચતુર્ભુજ નારાયણ પ્રગટ થાય!હરિહરનું મિલન થયું. હરિહર તત્ત્વ એક જ છે. પછી શિવજી કૈલાસમાંઆવ્યા ઋષિ ઓને બોધ આપ્યો કે,મારા શ્રી કૃષ્ણની માયા સર્વને નચાવે છે માટે મન ઉપર વિશ્વાસ ન રાખો. આ માથા ક્યારે ખાડામાં ફેંકશે તે કહેવાય નહીં. જિતેન્દ્રિય છું તેવો ફાંકો રાખશો નહીં. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં અહીં અટકીએ અસ્તુ.

ઝાલોદમાં વોર્ડ નંબર 2ના કાઉન્સિલર દ્વારા બે દિવસીય મુસ્લિમ સમૂહલગ્નનું આયોજન,45 નવયુગલો લગ્નગ્રંથિથી જોડાશે

# મુસ્લિમની પહેલ:29અને 30 નવેમ્બરના રોજ સમુહલગ્ન યોજાશે

**ઝાલોદ, તા. 21**

દાહોદ જિલ્લાના ઝાલોદ નગરમાં મુસ્લિમ સમાજ દ્વારા એક અત્યંત પ્રશંસનીય અને ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ઝાલોદ નગરપાલિકાના વોર્ડ નંબર 2ના કાઉન્સિલર દ્વારા આગામી તારીખ 29 અને 30 ના રોજ બે દિવસીય ભવ્ય સમૂહલગ્ન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સમાજના 45 નવયુગલો લગ્નના પવિત્ર બંધનથી જોડાશે. આ ભવ્ય સમૂહલગ્નને સફળ બનાવવા માટે હાલમાં સમગ્ર ઝાલોદ મુસ્લિમ સમાજમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ આયોજન પાછળનો મુખ્ય હેતુ સમાજમાં લગ્ન પ્રસંગો દરમિયાન થતા ખોટા ખર્ચા (બિનજરૂરી ખર્ચાઓ) ટાળવાનો અને સામાજિક સમરસતા જાળવવાનો છે. સમૂહલગ્ન થકી સમાજને એક સારો સંદેશ મળે છે કે મોટા ખર્ચાઓ વિના પણ લગ્ન પ્રસંગોની ગરિમા જાળવી શકાય છે અને નાણાંનો ઉપયોગ અન્ય સામાજિક કાર્યોમાં થઈ શકે છે. આયોજકો દ્વારા જણાવવામાં આવ્યું છે કે સમૂહલગ્નમાં જોડાનાર તમામ યુગલો અને તેમના પરિવારજનો માટે રહેવા તથા જમવા સહિતની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.



### ઝાલોદ મુસ્લિમની સામાજિક પહેલ

આશરે 25 થી 30 હજાર લોકોની જમણવારની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.બે દિવસ ચાલનારા આ ભવ્ય કાર્યક્રમ દરમિયાન ઝાલોદ નગરમાં ભારે ઉત્સાહનું વાતાવરણ જોવા મળશે. આયોજન સમિતિ દ્વારા ધાર્મિક વિધિઓ અને સામાજિક રીતિ-રિવાજોનું સંપૂર્ણ સન્માન જળવાય તે રીતે વ્યવસ્થા કરવામાં આવી છે.ઝાલોદ વોર્ડ નંબર 2ના કાઉન્સિલરની આ પહેલને મુસ્લિમ સમાજના આગેવાનો, સ્થાનિક નેતાઓ અને નગરજનો દ્વારા ઉષ્માભર્યો આવકાર આપવામાં આવ્યો છે. સમાજના તમામ વર્ગના લોકો આ પવિત્ર પ્રસંગમાં સહયોગ આપી રહ્યા છે.

બી.એમ.હાઇસ્કૂલ થી સરદાર પટેલ ચોક, આંબેડકર ચોક, બિરસા મુંડા સર્કલ થઈ એ.પી.એમ.સી ખાતે સમાપન થઈ

# સરદાર વલ્લભભાઈ પટેલની 150 મી જન્મજયંતિ અંતર્ગત યુનિટી માર્ચ એકતા પદયાત્રા ઝાલોદ વિધાનસભામા યોજાઈ

- મંત્રી રમેશ કટારા, સાંસદ જશવંતસિંહ ભાભોર, ધારાસભ્ય મહેશ ભૂરીયા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા



**ઝાલોદ, તા. 21**

ઝાલોદ નગરની બી.એમ. હાઈસ્કૂલમા સરદાર વલ્લભભાઈ પટેલની 150 મી જન્મજયંતિ યુનિટી માર્ચ ઝાલોદ વિધાનસભા પદયાત્રા અંતર્ગત મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓ તેમજ નગરજનો ઉપસ્થિત રહેલ હતા. ઝાલોદ નગરના પ્રાંત અધિકારી અરવિંદ ભાટિયા દ્વારા 150 મી જયંતિ અંતર્ગત પ્રારંભિક ઉદ્બોધન કર્યું હતું. ત્યારબાદ દિપ પ્રાગટ્ય કરી ઉપસ્થિત મહાનુભાવોનુ સ્વાગત યોજાયું હતું. ભાજપના પૂર્વ જિલ્લા મહામંત્રી અને વક્તા પ્રદીપસિંહ રાઠોડ દ્વારા સરદાર પટેલના જીવન વિશે પરિચય આપ્યો હતો. ઝાલોદ 130 વિધાનસભાના ધારાસભ્ય મહેશ ભૂરીયા એ સરદાર વલ્લભભાઈ પટેલના જીવન પરિચય આપતાં કહ્યુ હતું કે દેશમાં એકતાનો સંદેશ પ્રસરાવવા તેમજ રાષ્ટ્રના ઉત્થાન માટે સમર્પિત થવા માટે આજે યુનિટ માર્ચ પદયાત્રા અત્રે યોજાઈ રહેલ છે. સરદાર પટેલના અસરકારક સિદ્ધાંતોને વિધાર્થીઓના વ્યક્તિત્વ ઘડતર સુધી લઈ જતી મોડલ સરદાર શાળા એકતા, નીડરતા અને પ્રમાણિકતાનો સંદેશો આપે છે. રાજ્ય સરકારના મંત્રી રમેશ કટારાએ કહ્યું હતું કે સરદાર પટેલનો જન્મ 1875 મા થયો હતો. એકતાની પ્રેરણા આપતી આ પદયાત્રાનો મુખ્ય ઉદ્દેશ દેશમાં એકતા જાળવી સહુ લોકો સાથે મળી આગળ વધી દેશહિતમા કામગીરી કરવા એક જુથ થઈ કામગીરી કરવા આગળ આવવા માટે કહ્યું હતું. સરદાર પટેલના જીવન માથી અનેક દ્રસ્ટાંતો આપણાં જીવનમાં ઉતારી દેશ હિતમાં કામગીરી કરતા રહીએ તેવી સુંદર સુચારુ માહિતી આપી હતી. સાંસદ જશવંતસિંહ ભાભોરે કહ્યું હતું કે ઝાલોદની ધરતીએ દેશની આઝાદી માટે અનેક યોગદાનો આપેલ છે. ભીલસેવા મંડળની સ્થાપના પણ આઝાદી પહેલાં થઈ હતી. 13 મી અને 14 મી સદીમાં ઝાલા વંશના વંશજોના નામથી ઝાલોદ નામ પડેલ છે. ઝાલોદના અનેક લોકોએ દેશની આઝાદી માટે જેલ યાત્રા ભોગવી છે. સરદાર પટેલે સૂત્ર આપેલ હતું એક ભારત શ્રેષ્ઠ ભારત. સરદાર પટેલના વિકાસ સૂત્રને આગળ વધાવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી કામગીરી કરી રહેલ છે.નરેન્દ્ર મોદી અનેક વિકાસ પ્રોજેક્ટ હેઠળ દેશના વિકાસની કામગીરી કરી રહેલ છે. વહીવટી તંત્રમાં આઈ.એ.એસ ,આઈ.પી.એસની સરદાર પટેલની દેન છે. જેવી અનેક વિકાસના મુદ્દાની સવિસ્તાર માહિતી આપી હતી. છેલ્લે સંકલ્પ પ્રતિજ્ઞા પણ લેવામાં આવી હતી જેમાં દેશના ઉત્પાદનનો વાપરવા તેમજ સ્થાનિક રોજગાર વિશે પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. ઝાલોદ નગરમાં યુનિટી પદયાત્રા બી.એમ.હાઈસ્કૂલ થી સરદાર પટેલ ચોક, આંબેડકર ચોક, બિરસા મુંડા સર્કલ થઈ એ.પી. એમ.સી ખાતે સમાપન કરવામાં આવી હતી. આ પદયાત્રા અંતર્ગત માર્ગમાં આવતી તમામ પ્રતિમાઓ ખાતે મહાનુભાવો દ્વારા માલ્યાર્પણ કરવામાં આવ્યું હતું. નગરમાં દેશભક્તિના ગીતો, ફટાકડાની ભવ્ય આતશબાજી તેમજ હાથમાં તિરંગા સાથે નીકળેલ પદયાત્રાએ નગરમાં અનેરું આકર્ષણ જમાવ્યું હતું. આજની પદયાત્રામા મંત્રી રમેશ કટારા, સાંસદ જશવંતસિંહ ભાભોર, ધારાસભ્ય મહેશ ભૂરીયા,જિલ્લા પંચાયત પ્રમુખ કરણસિંહ ડામોર, પ્રાંત અધિકારી અરવિંદ ભાટીયા, મામલતદાર શૈલેન્દ્ર પરમાર, ભાજપ જિલ્લા કોષાધ્યક્ષ પંકજ અગ્રવાલ, નગરપાલિકા સી.ઓ ,નગરપાલિકા કાઉન્સિલરો, તાલુકા પંચાયત સભ્યો, પોલીસ સ્ટાફ, વિધાર્થીઓ, એન.સી.સી ટીમ, સરપંચો સહિત નગરજનો તેમજ ભાજપના તમામ વર્ગના પદાધિકારીઓ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# શિવમ ચેરિટેબલ ટ્રસ્ટના 'મિશન ડિફીટ ડાયાબિટીઝ' કાર્યક્રમને 'ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ' દ્વારા સન્માન પ્રાપ્ત થયું

**ગાંધીનગર, તા. 21**

શિવમ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા અમદાવાદ શહેર પોલીસ કર્મચારીઓના સ્વાસ્થ્યના રક્ષણ માટે શરૂ કરવામાં આવેલ મહત્ત્વકાંક્ષી કાર્યક્રમ 'મિશન ડિફીટ ડાયાબિટીઝ' અંતર્ગત નોંધાયેલી વિશેષ સિદ્ધિ બદલ તેમને 'ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ' દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે. અમદાવાદ મેડિકલ એસોસિએશન હોલ ખાતે યોજવામાં આઆવેલા સન્માન સમારોહમાં તેની સિદ્ધિઓ બદલ ટ્રસ્ટને સર્ટિફિકેટ આપીને સન્માન કરવામાં આવ્યું હતું. વિમ ચેરિટેબલ ટ્રસ્ટની આ પહેલનો મુખ્ય હેતુ 'જે રક્ષે છે અમને, તેમના સ્વાસ્થ્યનું રક્ષણ અમે કરીએ'–એ ભાવના પર આધારિત છે. પોલીસ જવાનો દિવસ-રાત પોતાના પરિવારથી દૂર રહીને સમાજની સુરક્ષા કરે છે, અને આ અવિરત સેવા, નિસ્વાર્થ ફરજ અને અડગ સમર્પણ માટે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે વિશ્વ ડાયાબિટીઝ દિવસે અમદાવાદ શહેર પોલીસ માટે એક વિશાળ મેગા ડાયાબિટીઝ સ્ક્રીનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.




શિવમ ચેરીટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ ડોક્ટર પ્રકાશ કુર્મીએ જણાવ્યું હતું કે, આ અભિયાન અંતર્ગત અમદાવાદ શહેરના આશરે ૬૫ પોલીસ સ્ટેશનો તેમજ ટ્રાફિક પોલીસના તમામ કર્મચારીઓનું ડાયાબિટીસ ચેકઅપ કરીને ૧૫,૦૦૦થી વધુ ટેસ્ટ નુ આયોજન કરાયું છે એ પૈકી હાલ 6 000 ટેસ્ટ કરવામાં આવ્યા હતા. લાંબી ફરજો, તાણ, અનિયમિત આહાર અને સતત જવાબદારીના કારણે પોલીસ કર્મચારીઓ ડાયાબિટીઝ જેવી ગંભીર બીમારીનો ભાર સહન કરતા હોવાથી, ટ્રસ્ટનો હેતુ માત્ર ચકાસણી નહીં, પરંતુ પોલીસ પરિવાર માટે દીર્ઘકાલીન આરોગ્ય સુરક્ષા સર્જવાનો છે. કેમ્પમાં તમામ પોલીસ કર્મચારીઓ માટે મફત બ્લડ શુગર સ્ક્રિનિંગની સાથે, જરૂરી હોય તેવા કર્મચારીઓ માટે HbA1c, લિપિડ પ્રોફાઈલ અને અન્ય મહત્વપૂર્ણ ટેસ્ટ પણ સંપૂર્ણ મફત પૂરા પાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત, ડાયાબિટીઝ નિષ્ણાતો દ્વારા પ્રથમ મફત ઓનલાઈન કન્સલ્ટેશન, તેમજ ડાયેટ, યોગ, સ્ટ્રેસ મેનેજમેન્ટ અને લાઈફસ્ટાઈલ ચેન્જિસ અંગે વિશેષ કાઉન્સેલિંગ સત્રોનું પણ આયોજન કરાયું હતું. ટ્રસ્ટ દ્વારા બીજા તબક્કામાં તમામ ડીપ ટેસ્ટ - જેમ કે HbA1c, થાઈરોઈડ, લિપિડ - પણ મફતમાં પ્રદાન કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે.

શિવમ ચેરિટેબલ ટ્રસ્ટ માને છે કે આ માત્ર આરોગ્ય સેવા નથી, પરંતુ પોલીસ જવાનો માટે સંવેદના, કૃતજ્ઞતા અને માનની અભિવ્યક્તિ છે, કારણ કે જ્યારે રક્ષક સ્વસ્થ રહેશે, ત્યારે સમાજ વધુ મજબૂત રહેશે. વિશ્વ ડાયાબિટીઝના આ દિવસે ડાયાબિટીઝને હરાવવાનો અને આપણા રક્ષકોને સ્વસ્થ જીવન આપવાનો સંકલ્પ લેવાયો છે. શિવમ ચેરિટેબલ ટ્રસ્ટને ગર્વ છે કે તેમને આ સેવા કરવાનો અવસર મળ્યો અને પોલીસ વિભાગના સહકારથી આ અભિયાન નવા માપ દંડ સ્થાપિત કરશે.

# ધારાસભ્યશ્રી હાર્દિકભાઈ પટેલે માંડલ તાલુકાના ટ્રેન્ટ ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરાવ્યું

**ગાંધીનગર, તા. 21**

લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મ જયંતી નિમિત્તે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' ઉપલક્ષમાં યુનિટી યાત્રા દરમ્યાન માંડલ તાલુકાના ટ્રેન્ટ ગામે ધારાસભ્યશ્રી હાર્દિકભાઈ પટેલે રૂ. ૧.૫૧ કરોડના ખર્ચે નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ખુલ્લું મૂક્યું હતું. આ સાથે જ હવે ટ્રેન્ટ ગામ સહિત આસપાસના ૧૫ ગામોના ૨૫ હજારથી વધુ નાગરિકોને વધુ સુગમ અને ગુણવત્તાસભર આરોગ્યસેવાઓ મળશે. આ નવું આરોગ્ય કેન્દ્ર ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્યસેવાનો વ્યાપ વધારી આરોગ્યક્ષેત્રના વિકાસમાં એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે. શિક્ષણ, પોષણની સાથે નાગરિકોના સ્વાસ્થ્ય માટે સરકાર દ્વારા પરિણામલક્ષી પ્રયાસો સુદ્રઢ પ્રતિબદ્ધતા દાખવી રહી છે. નોંધનીય છે કે, બાવળા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, નાનોદરા ખાતે તમાકુ મુક્ત યુવા અભિયાન 3.0 અંતર્ગત સ્ટાફ અને દર્દીઓએ વ્યસનમુક્તિ માટે સામુહિક સંકલ્પ લીધો હતો.આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. કાપડિયા, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. રથવી, જિલ્લા તથા તાલુકાના આગેવાનો, માંડલ તાલુકાના મેડિકલ ઓફિસર્સ, આયુષ મેડિકલ ઓફિસરશ્રી, આરોગ્ય વિભાગનો સમગ્ર સ્ટાફ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગુરુ ગોવિંદ કંબોઈ ધામ ખાતે મંત્રી રમેશ કટારાના હસ્તે 17 નવીન બસોનુ લોકાર્પણ કરાયું

**ઝાલોદ, તા. 21**

ગુરુ ગોવિંદ કંબોઈ ધામ ખાતે ભગવાન બિરસા મુંડા જનજાતિય ગૌરવ દિનની ઉજવણીના અવસરે જી.એસ. આર.ટી.સી. પરિવહન નિગમની નવસર્જિત બસોનુ ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું. દાહોદ જિલ્લાના બોર્ડર વિલેજ વિસ્તારોને સારી પરિવહન સુવિધા મળે તે હેતુથી આ બસો સેવામાં મૂકવામાં આવી છે.ઝાલોદ વિધાનસભાના ગુરુ ગોવિંદ તાલુકાના ગોવિંદ ગુરુ સમાધિ ધામ કંબોઈ ખાતે દાહોદ જિલ્લાના બોર્ડર ગામોને જોડતા નવા બસ રૂટોનું લોકાર્પણ રાજ્યના મંત્રી રમેશ કટારા, સાંસદ જશવંતસિંહ ભાભોર તથા 130-ઝાલોદ વિધાનસભા ધારાસભ્ય મહેશ ભૂરીયાના હસ્તે સંપન્ન થયું. મહાનુભાવોએ પૂજા અર્ચના કરીને બસોને લીલી ઝંડી દેખાડી રવાના કરી.દાહોદ જિલ્લામાં કુલ 17 નવા શિડ્યુલ શરૂ કરાયા છે - જેમાંથી બારીયા થી 1, દાહોદ થી 8 અને ઝાલોદ થી 8 બસ રૂટો સામેલ છે. આ તમામ બસો રોજના 191 ટ્રીપ કરશે અને મિલીને 5732 કિમી જેટલું અંતર કાપશે. નવી શરૂ થયેલી આ સર્વિસ દ્વારા રાજસ્થાન અને મધ્યપ્રદેશના બોર્ડર વિસ્તારોના 35 કરતા વધુ ગામોને સીધી અને નિયમિત પરિવહન સુવિધા મળશે. વિદ્યાર્થીઓને સ્કૂલ-કોલેજમાં આવવા-જવા, ખેડૂતોએ ખેતીવાડી કામો માટે, રોજિંદા ખરીદી, નોકરી તથા વ્યવસાય માટે આવન-જાવન હવે વધુ સરળ બનશે. ગુજરાત સરકારના "છેવાડાના માનવી સુધી સેવા"ના ધ્યેયને અનુરૂપ, બોર્ડર ગામોના વિકાસ અને સુખાકારી માટે આ બસ રૂટો જીવનરેખા સમાન સાબિત થવાના અનુમાન છે.



અમદાવાદના મુખ્ય વન સંરક્ષકશ્રી (CCF) ડૉ. કે. રમેશના માર્ગદર્શન હેઠળ વન કર્મચારીઓના કેપેસીટી બિલ્ડીંગને હેતુસર બે દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું

# અમદાવાદમાં વન્યજીવન વ્યવસ્થાપન અને 'મંકી રેસ્ક્યુ' પર બે દિવસીય 'કેપેસીટી બિલ્ડીંગ' તાલીમ યોજાઈ

## પ્રાણીને મુક્ત કરવા માટે યોગ્ય બનાવવું અને યોગ્ય નિવાસસ્થાનમાં પુનઃસ્થાપિત કરવું તે સમાન રીતે મહત્ત્વપૂર્ણ છે

**ગાંધીનગર, તા. 21**

તાલીમ કાર્યક્રમમાં વન્યજીવન વ્યવસ્થાપનના મહત્ત્વપૂર્ણ પાસાઓ પર આવરી લેવામાં આવ્યા હતા, જેમાં બચાવ કામગીરી દરમિયાન માહિતી સંદેશાવ્યવહાર (communique), વન્યજીવન સંરક્ષણ અધિનિયમ (Wildlife Protection Act) હેઠળની કાયદાકીય જોગવાઈઓ અને મંકી રેસ્ક્યુ તથા પુનર્વસન માટેની વિશિષ્ટ તકનીકોનો સમાવેશ થાય છે. તાલીમમાં ફિલ્ડ સ્ટાફ અને નિષ્ણાતોએ ભાગ લીધો હતો. આ ક્ષેત્રના અનુભવી નિષ્ણાત મનોજ ઠાકરે તાલીમાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.વન્યજીવન પરિસ્થિતિઓમાં સંદેશાવ્યવહાર (Communique) વિષયના નિષ્ણાત શ્રી વિજયસિંહ પરમારે 'સંદેશાવ્યવહાર' પર માહિતીસભર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. માનવ-વન્યજીવન સંઘર્ષના કિસ્સાઓ વધતા જઈ રહ્યા છે, ત્યારે શ્રી પરમારે જાહેર જનતા અને સ્થાનિક ભીડને અસરકારક રીતે વ્યવસ્થાપિત કરવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો, જેથી જાહેર જનતા અને પ્રાણી બંનેની સલામતી સુનિશ્ચિત થઈ શકે. તેમણે ઉચ્ચ દબાણની પરિસ્થિતિઓમાં સ્પષ્ટ સંદેશાવ્યવહાર જાળવવા માટેની વ્યૂહરચનાઓ પણ શેર કરી હતી.



સહાયક વન સંરક્ષક (ACF), વેરાવળના શ્રી અશોક અમીને વન્યજીવન સંરક્ષણ અધિનિયમ પર એક વિગતવાર સત્રનું સંચાલન કર્યું હતું. શ્રી અમીને કાયદાકીય જોગવાઈઓની ઊંડાણપૂર્વક ઝાંખી પૂરી પાડી હતી જે વન અધિકારીઓને સશક્ત બનાવે છે અને ભારતમાં વન્યજીવન સંરક્ષણને સંચાલિત કરે છે. તેમના સત્રમાં બચાવ, ધરપકડ અને જપ્તી માટેના કાયદાકીય પ્રોટોકોલ સ્પષ્ટ કરવામાં આવ્યા હતા, જેથી ફિલ્ડ સ્ટાફ વન્યજીવન ગુના અને સંરક્ષણના ન્યાયિક પાસાઓથી સારી રીતે માહિતગાર થઈ શકે.



મંકી રેસ્ક્યુ અને પુનર્વસન અંતર્ગત મંકી રેસ્ક્યુમાં નિષ્ણાત શ્રી મનોજ ઠાકરે વિશિષ્ટ તકનીકી સત્રનું સંચાલન કર્યું હતું. શ્રી ઠાકરે સિમિયન્સ (Simians)ના બચાવ માટે માનવીય અને અસરકારક પદ્ધતિઓનું નિદર્શન કર્યું હતું, જે શહેરી અને અર્ધ-શહેરી વિસ્તારોમાં અનન્ય પડકારો રજૂ કરે છે. તેમણે પુનર્વસનના મહત્ત્વપૂર્ણ પાસાને પણ આવરી લીધો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે બચાવ એ માત્ર અડધું કામ છે; શ્રી અમીને કાયદાકીય જોગવાઈઓની ઊંડાણપૂર્વક ઝાંખી પૂરી પાડી હતી જે વન અધિકારીઓને સશક્ત બનાવે છે અને ભારતમાં વન્યજીવન સંરક્ષણને સંચાલિત કરે છે. તેમના સત્રમાં બચાવ, ધરપકડ અને જપ્તી માટેના કાયદાકીય પ્રોટોકોલ સ્પષ્ટ કરવામાં આવ્યા હતા, જેથી ફિલ્ડ સ્ટાફ વન્યજીવન ગુના અને સંરક્ષણના ન્યાયિક પાસાઓથી સારી રીતે માહિતગાર થઈ શકે.

મંકી રેસ્ક્યુ અને પુનર્વસન અંતર્ગત મંકી રેસ્ક્યુમાં નિષ્ણાત શ્રી મનોજ ઠાકરે વિશિષ્ટ તકનીકી સત્રનું સંચાલન કર્યું હતું. શ્રી ઠાકરે સિમિયન્સ (Simians)ના બચાવ માટે માનવીય અને અસરકારક પદ્ધતિઓનું નિદર્શન કર્યું હતું, જે શહેરી અને અર્ધ-શહેરી વિસ્તારોમાં અનન્ય પડકારો રજૂ કરે છે. તેમણે પુનર્વસનના મહત્ત્વપૂર્ણ પાસાને પણ આવરી લીધો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે બચાવ એ માત્ર અડધું કામ છે; પ્રાણીને મુક્ત કરવા માટે યોગ્ય બનાવવું અને યોગ્ય નિવાસસ્થાનમાં પુનઃસ્થાપિત કરવું તે સમાન રીતે મહત્ત્વપૂર્ણ છે. આ તાલીમે સૈદ્ધાંતિક જ્ઞાન અને વ્યવહારુ સમજનો સમન્વય પૂરો પાડ્યો, જેણે સહભાગીઓને જટિલ વન્યજીવનની કટોકટીઓને વ્યવસાયિકતા અને સહાનુભૂતિ સાથે સંભાળવા માટે જરૂરી કૌશલ્યોથી સજ્જ કર્યા હતા.

# 32 વર્ષના વિકેટ કીપરે રચ્યો નવો ઈતિહાસ



■ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પહેલીવાર બની આવી ઘટના

**મુંબઇ, તા. 21**

ક્રિકેટની દુનિયામાં આજકાલ કોઈને કોઈ મેચ ચાલુ રહે છે. જેના કારણે રોજ નવા નવા રેકોર્ડ બની રહ્યા છે. હવે વેસ્ટ ઈન્ડીઝના વિકેટકીપર શાઈ હોપે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં મોટો નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે. ન્યુઝીલેન્ડ વિરુદ્ધ બીજી વનડેમાં તેણે શાનદાર બેટિંગ કરીને શાનદાર સદી ફટકારી હતી. તેમણે મેચમાં 69 બોલમાં કુલ 109 રન બનાવ્યા હતા, જેમાં 13 ચોગ્ગા અને ચાર છગ્ગા સામેલ હતા. શાઈ હોપની સિદ્ધિ: મેચમાં ચાર છગ્ગા ફટકારીને શાઈ હોપે 2025 માં ઈન્ટરનેશલ ક્રિકેટમાં 50 છગ્ગા ફટકાર્યા છે. તેણે વિકેટકીપર તરીકે રમતી વખતે આ છગ્ગા ફટકાર્યા હતા. ઈન્ટરનેશનલ ક્રિકેટમાં આ પહેલી વાર છે જ્યારે કોઈ વિકેટકીપરએ એક કેલેન્ડર વર્ષમાં 50 છગ્ગા ફટકાર્યા હોય. તેની પહેલા અન્ય કોઈ વિકેટકીપરે આ સિદ્ધિ હાંસલ કરી નથી કરી શક્યુ. એડમ ગિલક્રિસ્ટે 2005 માં 41 છગ્ગા અને જોસ બટલરે 2016 માં વિકેટકીપર તરીકે રમતી વખતે 41 છગ્ગા ફટકાર્યા હતા. હવે, શાઈ હોપે શાનદાર પ્રદર્શન સાથે આ બંને રેકોર્ડને તોડી નાખ્યા છે. વેસ્ટ ઈન્ડિઝ માટે 19 સદી, શાઈ હોપે 2016 માં વેસ્ટ ઈન્ડિઝ માટે ODI ડેબ્યૂ કર્યું હતું અને ત્યારથી તે ટીમમાં મુખ્ય ખેલાડી રહ્યો છે. તેણે 147 ODI માં કુલ 6,097 રન બનાવ્યા છે, જેમાં 19 સદી અને 30 અડધી સદીનો સમાવેશ થાય છે. ટેસ્ટમાં તેના 2,005 રન અને T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 1,403 રન છે. શાઈ હોપની સદી છતાં વેસ્ટ ઈન્ડિઝ હારી ગયું, જોકે શાઈ હોપે ન્યૂઝીલેન્ડ સામેની મેચમાં સદી ફટકારી હતી, પરંતુ તેની ટીમ 5 વિકેટથી હારી ગઈ હતી.

# શ્રેયસ અય્યર ક્યારે મેદાનમાં પાછો ફરશે?



**મુંબઇ, તા. 21**

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટર શ્રેયસ ઐયર હાલમાં ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન થયેલી ગંભીર ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યો છે. તાજેતરના અહેવાલો અનુસાર, ઐયરની તબિયતમાં સુધારો થઈ રહ્યો છે, પરંતુ મેદાનમાં તેની વાપસીમાં કોઈ ઉતાવળ કરવામાં આવશે નહીં અને રિકવરી પ્રક્રિયામાં સમય લાગી શકે છે. જો કે, આગામી એક મહિના સુધી તેણે પેટના અંદરના દબાણમાં વધારો કરતી કોઈપણ સઘન તાલીમ અથવા કસરતથી દૂર રહેવું પડશે. શ્રેયસ ઐયરની રિકવરીનું સંપૂર્ણ ચિત્ર આગામી સ્કેન બાદ સ્પષ્ટ થશે. એક મહિનાનો પ્રતિબંધિત સમય પૂરો થયા પછી, તે વધુ એક USG સ્કેન કરાવશે. આ આગામી સ્કેન પછી જ શ્રેયસ ઐયર બેંગલુરુમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના સેન્ટર ઓફ એક્સેલન્સ (COE) ખાતે તેનું સત્તાવાર રિહેબિલિટેશન (રિહેબ) શરૂ કરી શકશે.



# શુભમન ગિલ બીજી ટેસ્ટમાંથી બહાર

**મુંબઇ, તા. 21**

ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે 22 નવેમ્બરથી ગુવાહાટી ટેસ્ટની શરૂઆત થવાની છે, પરંતુ તેના એક દિવસ અગાઉ જ ટીમ ઈન્ડિયાને માઠા સમાચાર મળ્યા છે. કેપ્ટન શુભમન ગિલની ઈજા અંગે ચાલી રહેલા સસ્પેન્સ વચ્ચે, અહેવાલો હતા કે તે કદાચ બીજી ટેસ્ટ નહીં રમે. હવે ગિલને અચાનક ટીમ ઈન્ડિયાના સ્ક્વોડમાંથી બહાર કરી દેવામાં આવ્યો છે અને તે તેની ઈજાની તપાસ કરાવવા માટે મુંબઈ જવા રવાના થઈ ચૂક્યો છે. શુભમન ગિલ ટીમ સ્ક્વોડમાંથી દૂર, મીડિયા રિપોર્ટ્સ મુજબ, શુભમન ગિલને ભારતીય સ્ક્વોડમાંથી દૂર કરવામાં આવ્યો છે અને તે ગુવાહાટીથી મુંબઈ જવા રવાના થઈ ગયો છે. ગિલ 19 નવેમ્બર, 2025ના રોજ ટીમ ઈન્ડિયા સાથે કોલકાતાથી ગુવાહાટી આવ્યો હતો અને એવી આશા હતી કે બીજી ટેસ્ટ પહેલાં તે સાજો થઈ જશે.જોકે, 20 નવેમ્બરના રોજ તેણે ટ્રેનિંગ સેશનમાં પણ ભાગ લીધો નહોતો. હવે એવી માહિતી મળી રહી છે કે તે આગામી બે-ત્રણ દિવસ મુંબઈમાં આરામ કરશે. ત્યાર પછી, તે ગરદનની ઈજાની તપાસ માટે ડૉક્ટર સાથે મુલાકાત કરશે.

# BCCIએ અચાનક બદલ્યું ટીમ ઈન્ડિયાનું શેડ્યૂલ

## હવે ડિસેમ્બરમાં આ ટીમ સાથે T20 સીરિઝ



**BCCI એ પત્ર લખ્યો.....**

BCCI એ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડને સીરિઝ રદ કરવા માટે પત્ર લખ્યો હતો. PTI એ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના એક અધિકારીને ટાંકીને કહ્યું, 'અમને BCCI તરફથી સીરિઝ રદ કરવાની જાણ કરતો પત્ર મળ્યો. અમે હવે નવી તારીખોની રાહ જોઈ રહ્યા છીએ.'

**મુંબઇ, તા. 21**

ભારતીય મહિલા ક્રિકેટ ટીમ ડિસેમ્બરમાં બાંગ્લાદેશ સામે સીરિઝ રમવાની હતી, પરંતુ તે રદ કરવામાં આવી છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ ડિસેમ્બરમાં જ નવી સીરિઝ બનાવવાની યોજના બનાવી છે. ટીમ ઈન્ડિયા વર્લ્ડ કપ જીત્યા પછી બાંગ્લાદેશ સામે તેની પહેલી સીરિઝ રમવાની હતી, પરંતુ ત્યાંની વર્તમાન પરિસ્થિતિને જોતાં બોર્ડે તેને રદ કરવાનો નિર્ણય કર્યો છે. RevSportzના રિપોર્ટ પ્રમાણે ભારત અને શ્રીલંકા વચ્ચે 21 થી 30 ડિસેમ્બર દરમિયાન પાંચ મેચની T20 સીરિઝ રમાશે. બધી મેચ બે સ્થળો (વિશાખાપટ્ટનમ અને તિરુવનંતપુરમ) પર રમાશે. પ્રથમ બે મેચ ACA-VDCA ક્રિકેટ સ્ટેડિયમમાં અને બાકીની ત્રણ મેચ ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાશે. પ્રથમ બે મેચ ACA-VDCA ક્રિકેટ સ્ટેડિયમમાં અને બાકીની ત્રણ મેચ ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાશે. ભારત અને બાંગ્લાદેશ ICC ફ્યુચર ટૂર પ્રોગ્રામના ભાગ રૂપે ત્રણ ODI અને એક T20I સીરિઝ રમવાના હતા. આ સીરિઝ કોલકાતા અને કટકમાં રમવાની હતી. PTI એ BCCI ના એક સૂત્રને ટાંકીને અહેવાલ આપીને કહ્યું હતું કે, બોર્ડને બાંગ્લાદેશ સામે શ્રેણી રમવાની મંજૂરી મળી નથી.

# સોનમે બીજીવાર પ્રેગનન્ટ હોવાની ખાસ ફોટો શૂટ સાથે ઘોષણા કરી



**મુંબઇ, તા. 21**

સોનમ કપૂર ફરી પ્રેગનન્ટ હોવાની ચર્ચા લાંબા સમયથી ચાલી રહી હતી. હવે ખુદ સોનમે પોતે એક સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા પોતાની બીજી પ્રેગનન્સીની સત્તાવાર જાહેરાત કરી છે. બોલીવૂડમાં ફેશન આઈકોન ગણાતી સોનમે આ જાહેરાત કરવા માટે પિન્ક વસ્ત્રોમાં ખાસ ફોટો શૂટ કરાવ્યું છે જેમાં તેનો બેબી બમ્પ ફલોન્ટ કરવામાં આવ્યો છે. સોનમ આવતાં વર્ષે બીજાં બાળકને જન્મ આપશે. સોનમની આ પોસ્ટ પર પતિ આનંદ આહુજાએ હવે ડબલ ટ્રબલ એવી કોમેન્ટ કરી હતી. સોનમની ખાસ બહેનપણી કરીના કપૂરે તેને અભિનંદન પાઠવ્યાં હતાં. આ ઉપરાંત બોલીવૂડમાંથી પરિણિતી, પ્રિયંકા તથા ભૂમિ સહિતના કલાકારોએ તેને શુભેચ્છા પાઠવી હતી. ઉલ્લેખનીય છે કે, સોનમ કપૂર અને આનંદ આહુજાના લગ્ન ૨૦૧૮માં થયા હતા. ૨૦૨૨માં તેને ત્યાં પુત્ર જન્મ થયો હતો જેનું નામ વાયુ રાખવામાં આવ્યું છે.

# પ્રિયંકાની વારાણસી ફિલ્મના ટાઈટલના માલિકી હક્ક અંગે વિવાદ



**મુંબઇ, તા. 21**

એસ.એસ રાજામૌલી દ્વારા પ્રિયંકા ચોપરા, મહેશ બાબુ તથા પૃથ્વીરાજ સુકુમારન સાથે બનાવાઈ રહેલી ફિલ્મનું ટાઈટલ 'વારાણસી' હોવાની જાહેરાત કરવા માટે તાજેતરમાં લખલૂટ ખર્ચે એક ગ્રાન્ડ ઈવેન્ટ યોજવામાં આવી હતી. પરંતુ, હવે આ ટાઈટલ અંગે જ કાનૂની વિવાદ સર્જાયો છે. એક દાવા અનુસાર સીએચ સુબ્બા રાવ નામના નિર્માતા'વારાણસી ટાઈટલ' તેલુગુ ફિલ્મ પ્રોડયૂસર કાઉન્સિલમાં લાંબા સમય પહેલાં રજિસ્ટર કરાવી ચૂક્યા છે અને આ ટાઈટલ પર તેમનો હક્ક છે. જોકે, રાજામૌલીએ અગાઉ જ આ ટાઈટલ વિશે તપાસ કરાવી લીધી હતી અને તેમણે શાબ્દિક યુક્તિ અજમાવી ટાઈટલ લોન્ચ કરવાની ઈવેન્ટમાં સ્પેલિંગમાં ફેરફાર સાથે વારાણસી ટાઈટલ રીલિઝ કર્યું હતું. હવે આગામી દિવસોમાં રાજામૌલી અને સુબ્બારાવ વચ્ચે ટાઈટલ વિવાદ બાબતે કોઈ મીટિંગ થાય તેવી સંભાવના છે. ઉલ્લેખનીય છે કે રાજામૌલી એ ભગવાન હનુમાનજી પોતાની કોઈ મદદ કરી શક્યા નથી અને પોતે ઈશ્વરમાં માનતા નથી તેવાં વિધાનો કરતાં તે અંગે પણ વિવાદ થયો છે અને કેટલાંક હિંદુ સંગઠનોએ રાજામૌલી પર ધાર્મિક લાગણી દૂભવવાનો આરોપ કરતી અરજી પોલીસને આપી છે.

# કંગના રણૌત દ્વારકા બાદ સોમનાથ દાદાના દર્શને પહોંચી, પાર્વતી માતાને સાડી અર્પણ કરી



**મુંબઇ, તા. 21**

બોલિવૂડ અભિનેત્રી અને સાંસદ કંગના રણૌત ગુજરાતના પ્રવાસે છે, ત્યારે દ્વારકા બાદ આજે ગુરુવારે (20 નવેમ્બર) પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવની મુલાકાત લીધી હતી. સોમનાથમાં કંગનાએ શિવલિંગ પર જળાભિષેક કરીને ધ્વજાપૂજા કરી હતી. આ દરમિયાન કંગનાએ પાર્વતી માતાને સાડી અર્પણ કરી હતી. કંગનાએ સોમનાથ દાદાના દર્શન કર્યા, કંગના રણૌત ગુજરાતના પ્રવાસે છે, ત્યારે દ્વારકા જગત મંદિરમાં ભગવાન દ્વારકાધીશના દર્શન કર્યા બાદ આજે ગુરુવારે સોમનાથ મહાદેવના મંદિરે પહોંચી હતી. સોમનાથમાં કંગનાએ શાસ્ત્રોક્ત વિધિ મુજબ પૂજા-અર્ચના કરી હતી. ગઈકાલે બુધવારે કંગના દ્વારકાધીશના દર્શનાર્થે ગઈ હતી. જ્યાં કંગનાએ દ્વારકા જગત મંદિરમાં ભગવાન દ્વારકાધીશના દર્શન કર્યા હતા અને શાસ્ત્રોક્ત વિધિથી ભગવાનના ચરણ પાદુકા પૂજન કરાયું હતું.

# જેનિફર લોપેઝ, જસ્ટીન બીબર ઉદયપુરમાં વેડિંગમાં પરફોર્મ કરશે



**મુંબઇ, તા. 21**

ઉદયપુરમાં એક અમેરિકી અબજોપતિ પરિવારનાં ધામધૂમથી ઉજવાઈ રહેલા લગ્ન પ્રસંગની ભારે ચર્ચા થઈ રહી છે. આ વેડિંગમાં જેનિફર લોપેઝ તથા જસ્ટીન બીબર પણ પરફોર્મ કરવાનાં હોવાનું કહેવાય છે. જેનિફર લોપેઝ સાથે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પુત્ર ડોનાલ્ડ ટૂ જૂનિયર પણ આ શાહી લગ્નમાં સામેલ થશે એવી ચર્ચા છે. આ ઉપરાંત સંખ્યાબંધ બોલીવૂડ તથા હોલીવૂડ સેલિબ્રિટીઓ પણ આ લગ્નમાં હાજરી આપે તેવી સંભાવના છે. આ વેડિંગ માટે સમગ્ર ઉદયપુરની મોટાભાગની હોટલો બૂક થઈ ચૂકી છે. શહેરમાં ટ્રાફિક તથા સલામતી માટે વ્યાપક બંદોબસ્ત કરવામાં આવ્યો છે. જેનિફર અને ડોનાલ્ડ ટૂ જૂનિયરની સફરને ખાનગી રાખવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે હજુ થોડા સમય પહેલાં જેનિફરે પોતે ભારતમાં એક શો કરવાની હોવાનો સંકેત આપ્યો હતો. શહેરમાં ટ્રાફિક તથા સલામતી માટે વ્યાપક બંદોબસ્ત કરવામાં આવ્યો છે. જેનિફર અને ડોનાલ્ડ ટૂ જૂનિયરની સફરને ખાનગી રાખવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે હજુ થોડા સમય પહેલાં જેનિફરે પોતે ભારતમાં એક શો કરવાની હોવાનો સંકેત આપ્યો હતો.

# સોનું ₹412 ઘટીને ₹1,22,149 થયું : ચાંદી ₹2,738 સસ્તી થઈને ₹1,51,375 પ્રતિ કિલોગ્રામ, આ વર્ષે સોનું ₹46,000- ચાંદી ₹65,000 મોંઘી થઈ.....

**મુંબઈ, તા.21**

સોના અને ચાંદીના ભાવમાં ફરી ઘટાડો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ સોનાનો ભાવ 412 ઘટીને 1,22,149 થયો છે. અગાઉ, તે 1,22,561 પ્રતિ 10 ગ્રામ હતો. અમદાવાદમાં 24 કેરેટ 10 ગ્રામ સોનાનો ભાવ 1,24,530 છે.



આ દરમિયાન, ચાંદીનો ભાવ પણ આજે 2,738 ઘટીને 1,51,375 પ્રતિ કિલોગ્રામ થયો. ગઈકાલે, તે 1,54,113 પ્રતિ કિલોગ્રામ હતો. 17 ઓક્ટોબરના રોજ સોનું 1,30,874 ઓલ ટાઈમ હાઈ પર પહોંચ્યું હતું, અને 14 ઓક્ટોબરના રોજ ચાંદી 1,78,100 ઓલ ટાઈમ હાઈ પર પહોંચી હતી.

IBJAના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ અને જ્વેલર્સ માર્જિનનો સમાવેશ થતો નથી, તેથી દરેક શહેરોમાં ભાવ અલગ અલગ હોય છે. આ ભાવનો ઉપયોગ RBI દ્વારા સોવરિન ગોલ્ડ બોન્ડ માટે દર નક્કી કરવા માટે કરવામાં આવે છે. ઘણી બેંકો ગોલ્ડ લોન દર નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે.

આ વર્ષે અત્યાર સુધીમાં સોનાના ભાવમાં 45,987નો વધારો થયો છે. 31 ડિસેમ્બર, 2024ના રોજ, 24 કેરેટ સોનાના 10 ગ્રામનો ભાવ 76,162 હતો, જે હવે વધીને 1,22,149 થયો છે.

આ દરમિયાન ચાંદીના ભાવમાં પણ 65,358નો વધારો થયો છે. 31 ડિસેમ્બર, 2024ના રોજ એક કિલોગ્રામ ચાંદીનો ભાવ 86,017 હતો અને હવે તે વધીને 1,51,375 પ્રતિ કિલોગ્રામ થયો છે.

નિષ્ણાતોના મતે, આગામી દિવસોમાં સોનાના ભાવમાં વધઘટ થઈ શકે છે. જોકે, લગ્નની મોસમ શરૂ થઈ ગઈ છે, જે સોનાને સપોર્ટ પૂરો પાડશે. પરિણામે, આગામી દિવસોમાં તેની કિંમત ફરી એકવાર 1.25 લાખ સુધી પહોંચી શકે છે.

હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS)ના હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું જ ખરીદો. સોના પર 6-અંકનો હોલમાર્ક કોડ હોય છે. એને હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર અથવા HUID કહેવામાં આવે છે. આ નંબર આલ્ફાન્યુમેરિક છે, એટલે કે કંઈક આના જેવો - AZ4524. હોલમાર્કિંગ દ્વારા સોનું કેટલા કેરેટનું છે એ જાણી શકાય છે.

ખરીદીના દિવસે સોનાનું ચોક્કસ વજન અને એની કિંમત બહુવિધ સ્ત્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ) પરથી તપાસો. સોનાની કિંમત 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે બદલાય છે. 24 કેરેટ સોનાને સૌથી શુદ્ધ સોનું માનવામાં આવે છે, પરંતુ એમાંથી ઘરેણાં બનાવવામાં આવતા નથી, કારણ કે એ ખૂબ જ નરમ હોય છે. સામાન્ય રીતે 22 કેરેટ કે તેથી ઓછા કેરેટ સોનાનો ઉપયોગ ઘરેણાં માટે થાય છે.

# સેન્સેક્સ 401 પોઈન્ટ ઘટીને 85,232 પર બંધ

## નિફ્ટી પણ 124 પોઈન્ટ ગગડ્યો, મેટલ, બેંકિંગ, રિયલ્ટી અને મેટલ શેરોમાં ભારે વેચવાલી રહી

**મુંબઈ, તા.21**

21 નવેમ્બર, અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે, સેન્સેક્સ 401 પોઈન્ટ ઘટીને 85,232 પર બંધ થયો. નિફ્ટી પણ 124 પોઈન્ટ ઘટીને 26,068 પર બંધ થયો.

સેન્સેક્સના 30 શેરમાંથી 18 શેરમાં ઘટાડો થયો, જ્યારે 12 શેરમાં તેજી રહી. ટાટા સ્ટીલ, HCL ટેક અને બજાજ ફાઈનાન્સના શેર 2.7% સુધી ઘટ્યા. મારુતિ સુઝુકી 1% વધીને બંધ થયા.




નિફ્ટીના 50 શેરમાંથી 33 શેર ઘટીને બંધ થયા, જ્યારે 17 શેરમાં તેજી રહી. FMCG સિવાય, NSEના બધા સેક્ટરમાં નોંધપાત્ર ઘટાડો થયો. PSU બેંકો, રિયલ્ટી અને મેટલ શેરોમાં 2% થી વધુ ઘટાડો થયો. એશિયન બજારો: જાપાનનો નિક્કેઈ 2.15% ઘટીને 48,754 પર, કોરિયાનો કોસ્પી 3.84% ઘટીને 3,851 પર અને હોંગકોંગનો હેંગ સેંગ 2.07% ઘટીને 25,300 પર કારોબાર કરી રહ્યો છે. યુએસ બજારો: 20 નવેમ્બરના રોજ ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ 0.84% ઘટીને 45,752 પર બંધ થયો. નેસ્ડેક કમ્પોઝિટ 2.15% અને S&P 500 1.56% ઘટીને બંધ થયો. 20 નવેમ્બરના રોજ, વિદેશી રોકાણકારો (FIIs) એ 283.65 કરોડના શેર ખરીદ્યા હતા, અને સ્થાનિક રોકાણકારો (DIIs - આપણા દેશના મોટા ભંડોળ) એ 824.46 કરોડના શેર ખરીદ્યા હતા. આ મહિનામાં અત્યાર સુધીમાં, FIIs એ 12,074.94 કરોડના શેર વેચ્યા છે. દરમિયાન, DIIs એ 51,159.55 કરોડના શેર ખરીદ્યા છે. ગુરુવાર, 20 નવેમ્બરના રોજ શેરબજારમાં તેજી જોવા મળી. સેન્સેક્સ 446 પોઈન્ટ વધીને 85,633 પર બંધ થયો.

# 'AI એક દિવસ CEOનું સ્થાન લેશે' : સુંદર પિચાઈ

## દરેક વ્યવસાયમાં AIનો ઉપયોગ કરવાનું શીખવું જરૂરી, જે લોકો તેને અપનાવશે તેઓ અન્ય કરતા વધુ સારું કરશે

**નવી દિલ્હી, તા.21**

ગુગલના સીઈઓ સુંદર પિચાઈએ કહ્યું છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) માત્ર ઘણી નોકરીઓ જ નહીં, પરંતુ ભવિષ્યમાં મોટી કંપનીઓના સીઈઓનું સ્થાન પણ લઈ શકે છે.



બીબીસી સાથેની એક મુલાકાતમાં તેમણે કહ્યું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આગામી 12 મહિનામાં એટલા વિકસિત તબક્કામાં પહોંચી જશે કે તે પોતાના દમ પર ઘણા જટિલ કાર્યો કરી શકશે.

પિચાઈએ એમ પણ કહ્યું કે ટેકનોલોજીના વધતા ઉપયોગ સાથે, લોકોએ સતત પોતાને અપડેટ કરવા પડશે.

પિચાઈને પૂછવામાં આવ્યું કે શું AI બધી નોકરીઓ માટે ખતરો છે, તેમના CEO પદ માટે પણ. તેમણે હસીને કહ્યું, 'CEO જે કરે છે તે કદાચ ભવિષ્યમાં AI સરળતાથી કરી શકે તેવી બાબતોમાંની એક છે.'

તેમણે જણાવ્યું હતું કે AI એ માનવ ઈતિહાસમાં સૌથી ગહન અને પ્રભાવશાળી તકનીકોમાંની એક છે, જેની સમાજ અને નોકરીઓ પર નોંધપાત્ર અસર પડે છે. પિચાઈએ જણાવ્યું હતું કે ભવિષ્યમાં કેટલીક નોકરીઓ અદૃશ્ય થઈ જશે, પરંતુ ઘણી નોકરીઓ પરિવર્તિત થશે અને નવી નોકરીઓ બનાવવામાં આવશે.

પિચાઈનો અભિપ્રાય એવા સમયે આવ્યો છે જ્યારે અન્ય ટેક સીઈઓ પણ AIને CEO-સ્તરની ભૂમિકાઓ સંભાળવા સક્ષમ બનાવવાનું વિચારી રહ્યા છે.

ઓપન એઆઈના સીઈઓ સેમ ઓલ્ટમેન પહેલેથી જ કહી ચૂક્યા છે કે એઆઈ એક દિવસ મારા કરતા વધુ સારી રીતે મારું કામ કરશે. ક્લાર્નાના સીઈઓ સેબેસ્ટિયન સીમિયાટકોવસ્કીએ પણ કહ્યું છે કે એઆઈ આપણા બધા કામ કરી શકે છે, જેમાં મારું કામ પણ સામેલ છે.

એક ઓનલાઈન લર્નિંગ પ્લેટફોર્મ દ્વારા કરવામાં આવેલા સર્વે મુજબ, 500 સીઈઓમાંથી 49% માને છે કે તેમના મોટાભાગના કામના કાર્યો AI દ્વારા સ્વચાલિત થઈ શકે છે.

દરમિયાન, Nvidiaના CEO જેન્સેન હુઆંગ માને છે કે AI હજુ સુધી મોટા પાયે મનુષ્યોનું સ્થાન લઈ શકતું નથી. તેમણે કહ્યું કે AI કેટલાક કાર્યો 1000 ગણા વધુ સારી રીતે કરી શકે છે, પરંતુ તેમાં હજુ સુધી આપણે જે કરીએ છીએ તે બધું કરવાની ક્ષમતા નથી.

# અદાણી એન્ટરપ્રાઇઝનો શેર 20% સુધી વધી શકે

## જેપીને ખરીદવાની યોજનાને મંજૂરી: મોટા પ્રોજેક્ટ્સ બનાવતી કંપની કેવી રીતે નાદાર થઈ?

**નવી દિલ્હી, તા.21**

જયપ્રકાશ એસોસિએટ્સને હસ્તગત કરવા માટે અદાણી એન્ટરપ્રાઈઝિસના 14,500 કરોડના રિઝોલ્યુશન પ્લાનને ક્રેડિટર્સ કમિટી દ્વારા મંજૂરી આપવામાં આવી છે. મંજૂરી બાદ, અદાણીને 19 નવેમ્બરના રોજ લેટર ઓફ ઈન્ટેન્ટ (LOI) મળ્યો.




જોકે, આ સોદો ત્યારે જ પૂર્ણ થશે જ્યારે નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT) દ્વારા મંજૂરી આપવામાં આવશે. જેપી એસોસિએટ્સ પર બેંકોનું આશરે 55,000 કરોડનું દેવું છે. કંપની ડિફોલ્ટ થઈ ગઈ છે અને હાલમાં જૂન 2024થી નાદારીની કાર્યવાહીમાંથી પસાર થઈ રહી છે.

જૂન 2025ના હરાજી માટે અદાણી, વેદાંત, દાલમિયા, જિંદાલ પાવર અને પીએનસી ઈન્ફ્રાટેકે પણ બોલી લગાવી હતી. સપ્ટેમ્બરમાં સ્વિસ ચેલેન્જ હરાજી યોજાઈ હતી, પરંતુ અદાણીની યોજના તેની શ્રેષ્ઠ અપફ્રન્ટ કેશ ઓફરિંગને કારણે પસંદ કરવામાં આવી હતી. કંપની આશરે 6,000 કરોડની તાત્કાલિક ચુકવણી કરશે.

આંતરરાષ્ટ્રીય બ્રોકરેજ ફર્મ જેફરીઝે જણાવ્યું હતું કે આનાથી કંપનીના શેરમાં 20%નો વધારો થઈ શકે છે. જેફરીઝે 2,940ની લક્ષ્ય કિંમત આપી હતી.

જેપી એસોસિએટ્સ પાસે સિમેન્ટ, પાવર, રિયલ એસ્ટેટ, હોટલ અને બાંધકામમાં સંપત્તિ છે, જે જેફરીઝે જણાવ્યું હતું કે તે અદાણી ગ્રુપના હાલના વ્યવસાયો સાથે સારી રીતે મેળ ખાય છે.

સિમેન્ટ પ્લાન્ટ્સ અંબુજા સિમેન્ટ, પાવર એસેટ્સ અદાણી પાવર અથવા અદાણી ગ્રીનને મળી શકે છે, અને રિયલ એસ્ટેટ અને જમીન અદાણી રિયલ્ટીમાં શિફ્ટ થઈ શકે છે. રોડ પ્રોજેક્ટ્સ અદાણી રોડ્સ પાસે રહેશે. આનાથી દરેક બિઝનેસ યુનિટ તેની ક્ષમતા અનુસાર વિકાસ કરી શકશે.

આ સમાચાર પછી જયપ્રકાશ પાવર વેન્ચર્સના શેરમાં સતત બીજા દિવસે વધારો થયો. બે સત્રમાં તેમાં લગભગ 20%નો વધારો થયો છે. જોકે, જેપી એસોસિએટ્સના શેર હજુ પણ ટ્રેડિંગ પ્રતિબંધો હેઠળ છે, એટલે કે તેમની ખરીદી અને વેચાણ પ્રતિબંધિત છે. તેની કિંમત લગભગ રૂ.3 છે.

1995માં સ્થપાયેલી જેપી એસોસિએટ્સ, રિયલ એસ્ટેટ, સિમેન્ટ અને પાવર જેવા ક્ષેત્રોમાં કાર્યરત હતી. તેના દિલ્હી અને નોઈડા જેવા શહેરોમાં મોટા પ્રોજેક્ટ્સ હતા, જેમાં જેપી વિશટાઉનનો પણ સમાવેશ થાય છે. કંપનીએ પોતાનો વ્યવસાય વિસ્તારવા માટે બેંકો પાસેથી લોન લીધી હતી, પરંતુ તે ચૂકવવામાં નિષ્ફળ રહી હતી.

પ્રોજેક્ટમાં વિલંબ, બજારમાં મંદી અને મેનેજમેન્ટની કેટલીક ભૂલો પણ આમાં ફાળો આપે છે. અંતે, 3 જૂન, 2024ના રોજ NCLTની અલ્હાબાદ બેન્ચે કંપનીને નાદારીની કાર્યવાહીમાં મૂકી. ફેબ્રુઆરી 2025માં, કંપની પર આશરે 55,000 કરોડનું દેવું હતું.

સરળ શબ્દોમાં કહીએ તો જ્યારે કોઈ કંપની તેના દેવા ચૂકવવામાં અસમર્થ હોય છે, ત્યારે તેને નાદાર જાહેર કરવામાં આવે છે. આ પછી નાદારી અને નાદારી કોડ (IBC) હેઠળ એક પ્રક્રિયા શરૂ થાય છે જે કંપનીને બચાવવા અથવા તેના લેણદારોને ચૂકવવા માટે તેની સંપત્તિ વેચવાનો પ્રયાસ કરે છે.

જેપી એસોસિએટ્સ સાથે પણ આવું જ બન્યું. ઘણી કંપનીઓએ કંપનીને બચાવવા માટે બોલી લગાવી, તેને ખરીદવા અને તેના વ્યવસાયને પુનર્જીવિત કરવાની આશામાં.

જેપી એસોસિએટ્સ પર આશરે 55,000 કરોડનું દેવું છે. જો અદાણી ગ્રુપ તેને 14,500 કરોડમાં ખરીદે છે, તો ધિરાણકર્તાઓને નોંધપાત્ર નુકસાન થઈ શકે છે.

જેપી એસોસિએટ્સના ઘણા રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સ, ખાસ કરીને નોઈડામાં, અધૂરા રહે છે. જેપી ફ્લેટમાં રોકાણ કરનારા હજારો લોકો કબજાની રાહ જોઈ રહ્યા છે.

જો અદાણી ગ્રુપ કંપનીને ખરીદે છે, તો એવી અપેક્ષા છે કે તે આ પ્રોજેક્ટ્સ પૂર્ણ કરશે, જેનાથી ઘર ખરીદનારાઓને રાહત મળી શકે છે.

NCLTની મંજૂરી હજુ બાકી છે. ટૂંક સમયમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે. જો અદાણી ગ્રુપ તેને હસ્તગત કરે છે, તો તે જેપીના વ્યવસાયને પોતાની રીતે ચલાવશે. વધુમાં રોકાણકારોના રસમાં વધારો થઈ રહ્યો હોવાથી, શેરબજારમાં જેપીના શેર પર નજીકથી નજર રાખવામાં આવશે.

# અમેરિકા સાથે LPG ડીલથી ભારતની ગલ્ફ દેશો પરની નિર્ભરતા ઘટશે

## 2.2 મિલિયન ટન LPG માટે કરાર થકી ઉર્જા સુરક્ષાને મજબૂત બનાવવા તરફનું પગલું

**નવી દિલ્હી, તા.21**

ભારતે અમેરિકા સાથે ૨.૨ મિલિયન ટન એલપીજી માટે ટર્મ ડીલ પર હસ્તાક્ષર કર્યા છે. વૈશ્વિક ઉર્જા બજારમાં ઉભી થતી અનિશ્ચિતતાઓ વચ્ચે આ પગલું ભારતની સુરક્ષાને મજબૂત બનાવશે. આ કરાર મુજબ, ૨૦૨૬થી, ભારતની સરકારી માલિકીની તેલ કંપનીઓ દેશના કુલ એલપીજીના ૧૦ ટકા અમેરિકાથી આયાત કરશે. અત્યાર સુધી, ભારતનો અમેરિકા સાથે એલપીજી આયાત માટે ટર્મ ડીલ નહોતો. દેશની સ્થાનિક એલપીજી જરૂરિયાતોનો લગભગ ૬૦ ટકા




આયાત પર આધારિત છે, અને હાલમાં ૯૦ ટકા એલપીજી આયાત પશ્ચિમ એશિયાઈ દેશોમાંથી એટલે કે સંયુક્ત આરબ અમીરાત, કતાર, સાઉદી અરેબિયા અને કુવૈતથી આવે છે. નિષ્ણાતોના મતે, અમેરિકાથી એલપીજી આયાત કરવાનો નિર્ણય ભારતની સ્ત્રોત વિવિધતા વધારવામાં અને પશ્ચિમ એશિયાઈ દેશો પર નિર્ભરતા ઘટાડવામાં મદદ કરશે. ઈકરાએ જણાવ્યું હતું કે યુએસ કુદરતી ગેસ પ્રવાહીનો મુખ્ય ઉત્પાદક છે. યુએસથી એલપીજી આયાત કરવી એ ચાલુ વેપાર વાટાઘાટો સાથે સુસંગત છે અને વૈશ્વિક રાજકીય તણાવના સમયે ભારત માટે ફાયદાકારક રહેશે. આ વર્ષની શરૂઆતમાં, ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના સંઘર્ષથી હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાની ધમકી આપવામાં આવી હતી, જેના કારણે ભારતના એલપીજી પુરવઠા પર અસર પડી શકે છે. આ કરાર દેશની ઉર્જા સુરક્ષાને મજબૂત બનાવશે અને લાખો ઘરોને સસ્તું અને સ્વચ્છ રસોઈ ગેસ પૂરો પાડવામાં મદદ કરશે. જોકે, કરારની કિંમત જાહેર કરાઈ નથી. આ કરાર હેઠળ યુએસ એલપીજી ખરીદીનો ભાવ માઉન્ટ બેલેવ્યુ પર આધારિત હશે, જે એક મુખ્ય યુએસ એલપીજી ભાવ નિર્ધારણ કેન્દ્ર છે. મરીન ઈન્ટેલિજન્સ ફર્મ કેપ્લરના એક અહેવાલ મુજબ, ભારતે ૨૦૨૫ માં અત્યાર સુધીમાં તેના એલપીજીના ૩૬% યુએઈથી, ૨૧% કતાર થી, ૧૬% કુવૈત થી અને ૬% યુએસથી આયાત કર્યા છે. છેલ્લા ત્રણ વર્ષોમાં, યુએસનો હિસ્સો ફક્ત ૦.૫% થી ૨% સુધીનો રહ્યો છે.

# નવેમ્બરમાં રશિયન ક્રુડના ભારત ખાતે પૂરવઠામાં 50 ટકાનો જોરદાર ઘટાડો....

**મુંબઈ, તા.21**

ઓકટોબરની સરખામણીએ નવેમ્બરમાં રશિયા ખાતેથી દેશમાં ક્રુડ તેલના પૂરવઠામાં ૫૦ ટકા જેટલો ધરખમ ઘટાડો થઈને તે પ્રતિ દિન ૯૪૮૦૦૦ બેરલ પર આવી ગયો છે જે ઓકટોબરમાં પ્રતિ દિન ૧૮.૯૦ લાખ બેરલ રહ્યું હતું.

રશિયાની બે મોટી ક્રુડ તેલ ઉત્પાદક કંપનીઓ રોઝનેફટ તથા લુકઓઈલ પર અમેરિકાના ૨૧ નવેમ્બરથી લાગુ થઈ રહેલા પ્રતિબંધો પહેલા જ ભારતની ઓઈલ રિફાઈનરીઓએ રશિયા પાસેથી ક્રુડ તેલની ખરીદી ધીમી કરી નાખી છે. પ્રતિબંધને કારણે ભારત ખાતે રશિયન ક્રુડ તેલની આયાત ઘટી રહી છે અને આવનારા દિવસોમાં ક્રુડ તેલના પૂરવઠેદારોમાં મોટા ફેરબદલ જોવા મળવાની શકયતા છે. યુક્રેન પર આક્રમણના વિરોધમાં અમેરિકા તથા અન્ય પશ્ચિમી દેશો રશિયા પર વિવિધ પ્રતિબંધો મૂકી રહ્યા છે. માત્ર ભારત જ નહીં પરંતુ વર્તમાન મહિનામાં ચીન ખાતે રશિયાના ક્રુડ તેલના પૂરવઠામાં ૩૯ ટકા ઘટાડો થઈ પ્રતિ દિન ૭૦૬૦૦૦ બેરલ રહ્યું છે. તુર્કી ખાતે પૂરવઠો ૬૦ ટકા જેટલો ઘટી ગયાનું એક રિસર્ચ પેઢીના રિપોર્ટમાં જણાવાયું હતું. ગયા નાણાં વર્ષમાં રશિયાના ક્રુડ તેલની ભારત ખાતે થયેલી કુલ ૮.૮૦ કરોડ બેરલ નિકાસમાં ૬૦ ટકા નિકાસ રોઝનેટ તથા લુકઓઈલે કરી હતી. રશિયા પરના પ્રતિબંધને કારણે ભારતની ક્રુડ તેલની ખરીદી હવે મધ્ય પૂર્વ તથા અમેરિકા તરફ વળવાની શકયતા જોવાઈ રહી છે. વર્તમાન મહિનામાં અમેરિકા ખાતેથી ભારતની ક્રુડ તેલની ખરીદી પ્રતિ દિન ૫૬૬૦૦૦ રહી છે. લાગુ કરેલા વધારાના ૨૫ ટકા ટેરિફ નાબુદ થાય તે માટે ભારત અમેરિકા પાસેથી વધુ ક્રુડ તેલ ખરીદી રહ્યું છે.

# ક્રિપ્ટો માર્કેટ વેલ્યુ એક મહિનામાં ₹100 લાખ કરોડ ઘટી : બિટકોઇન 30% ઘટીને ₹261 લાખ કરોડ થયું, બિટકોઇન ₹1.10 કરોડથી ઘટીને ₹76 લાખ થયું

**નવી દિલ્હી, તા.21**

વૈશ્વિક ક્રિપ્ટો બજારનું મૂલ્ય $3 ટ્રિલિયનથી નીચે આવી ગયું છે. CoinMarketCap મુજબ, ઓક્ટોબરમાં તે 4.28 ટ્રિલિયન ડોલર હતું અને હવે તે ઘટીને 2.95 ટ્રિલિયન ડોલર થઈ ગયું છે. રૂપિયામાં મૂલ્ય લગભગ 379 લાખ કરોડ રૂપિયાથી 100 લાખ કરોડ રૂપિયા ઘટીને 261 લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે. આનો અર્થ એ થયો કે લગભગ એક મહિનામાં ક્રિપ્ટો માર્કેટે તેના મૂલ્યના 30%થી વધુ ગુમાવ્યા છે.

ક્રિપ્ટો માર્કેટમાં બિટકોઈનનો હિસ્સો આશરે 58% છે, જ્યારે ઈથેરિયમનો હિસ્સો 12% અને અન્યનો હિસ્સો 30% છે. એક મહિનામાં બિટકોઈનનું મૂલ્ય ઘટીને 76 લાખ થઈ ગયું છે, જે તેના સર્વકાલીન ઉચ્ચતમ 1.10 કરોડથી આશરે 34 લાખનો ઘટાડો છે. 7 ઓક્ટોબરે બિટકોઈન આ સ્તરે પહોંચ્યું હતું. આનો અર્થ એ થયો કે લગભગ એક મહિનામાં બિટકોઈન 30%થી વધુ ઘટ્યું છે. બિટકોઈન ઉપરાંત, ઈથેરિયમ અને સોલાના જેવી ક્રિપ્ટોકરન્સીમાં પણ ઘટાડો થયો છે. ઈથેરિયમ 4.15 લાખથી ઘટીને 2.48 લાખ થઈ ગયું છે. મેક્રોઈકોનોમિક અનિશ્ચિતતા અને ફેડ નીતિ: ફેડરલ રિઝર્વના દર ઘટાડા અંગે અનિશ્ચિતતાને કારણે ક્રિપ્ટો જેવી જોખમી સંપત્તિઓમાં વેચાણ વધ્યું છે. ઓક્ટોબરની બેઠકના



ટ્રાન્સક્રિપ્ટ્સ દર્શાવે છે કે સમિતિ દર ઘટાડા અંગે વિભાજિત હતી, જેના કારણે રોકાણકારોમાં ભય ફેલાયો છે. મોટા પાયે ડિલિવરેજિંગ અને લિક્વિડેશન: જ્યારે મોટી સંખ્યામાં લોકો ક્રિપ્ટો ખરીદવા માટે પૈસા ઉધાર લે છે અને કિંમત થોડી પણ ઘટી જાય છે, ત્યારે ભંડોળના અભાવે દરેકના હોલ્ડિંગ આપમેળે વેચાઈ જાય છે. આ વેચાણ ઘટાડાને વધુ વેગ આપે છે. આ સાંકળ પ્રતિક્રિયા ચાલુ રહે છે. ધારો કે તમારી પાસે 10,000 રૂપિયા છે. જો તમે 10 ગણા લીવરેજનો ઉપયોગ કરો છો, તો તેનો અર્થ એ કે એક્સચેન્જ તમને 1 લાખ રૂપિયાના બિટકોઈન ખરીદવાની મંજૂરી આપે છે. આનો અર્થ એ કે જો બિટકોઈન વધે છે, તો તમને 1 લાખ રૂપિયાનો નફો થશે, અને જો તે ઘટે છે, તો તમને નુકસાન થશે. બિટકોઈનને ડિજિટલ દુનિયાનું 'સોનું' કહેવામાં આવે છે. એ એક ડિજિટલ ચલણ છે જે કોઈપણ બેંક કે સરકારના નિયંત્રણ વિના કાર્ય કરે છે, એટલે કે એ વિકેન્દ્રિત છે. કોઈ એક સત્તાનું એના પર નિયંત્રણ નથી. બિટકોઈન કોઈ ભૌતિક સિક્કો કે નોટ નથી, પરંતુ એક ડિજિટલ કોડ છે, જે તમારા ડિજિટલ વોલેટમાં રહે છે. જેમ તમે વ્હોટ્સએપ પર મેસેજ મોકલો છો એવી જ રીતે તમે ઈન્ટરનેટ દ્વારા દુનિયામાં ગમે ત્યાં બિટકોઈન મોકલી શકો છો. એની સંખ્યા પણ મર્યાદિત છે.

એ બ્લોકચેન ટેકનોલોજી પર કામ કરે છે. કલ્પના કરો કે એક ખાતાવહી છે જેમાં વિશ્વભરના બિટકોઈન વ્યવહારો લખવામાં આવે છે. આ ખાતાવહીને બ્લોકચેન કહેવામાં આવે છે અને એ એકસાથે હજારો કોમ્પ્યુટર્સ પર અસ્તિત્વમાં છે. બ્લોકચેન એક ડિજિટલ કોપી જેવું છે, જે વ્યવહારો જેવી માહિતી રેકોર્ડ કરે છે. દરેક વ્યક્તિ એને જોઈ શકે છે, પરંતુ કોઈ એને બદલી કે કાઢી શકતું નથી. એ બહુવિધ કોમ્પ્યુટર્સ પર શેર કરવામાં આવે છે, તેથી એ સુરક્ષિત અને વિશ્વસનીય છે. જ્યારે તમે કોઈને બિટકોઈન મોકલો છો ત્યારે વ્યવહાર બ્લોકચેનમાં રેકોર્ડ થાય છે. એને તપાસવાનું અને સુરક્ષિત કરવાનું કામ 'માઈનર્સ' દ્વારા કરવામાં આવે છે, જેઓ તેમના કોમ્પ્યુટરની શક્તિનો ઉપયોગ કરીને ગાણિતિક સમસ્યાઓ હલ કરે છે. બદલામાં તેમને નવા બિટકોઈન મળે છે. આ સિસ્ટમ ખાસ છે, કારણ કે કોઈ એક સંસ્થાનું સંપૂર્ણ નિયંત્રણ નથી. બેંક તમારા બેંકમાં રહેલા પૈસાનો હિસાબ રાખે છે અને જો બેંક ભૂલ કરે છે અથવા નાદાર થઈ જાય છે તો તમારા પૈસા જોખમમાં મુકાઈ શકે છે, પરંતુ બિટકોઈનમાં બ્લોકચેન દરેક વ્યવહારને પારદર્શક અને સુરક્ષિત રાખે છે. બ્લોકચેનને બ્લોક્સની સાંકળ તરીકે વિચારો. દરેક બ્લોક એ ડેટાનું એક પૃષ્ઠ છે જેમાં વ્યવહારોની સૂચિ હોય છે (દા.ત., આદિત્યએ વિક્રમને 100 રૂપિયા મોકલ્યા હતા). જ્યારે બ્લોક ભરાઈ જાય છે ત્યારે એ લોક થઈ જાય છે અને પાછલા બ્લોક સાથે લિંક થઈ જાય છે. નોડ્સ નામના કોમ્પ્યુટર્સ આ માહિતીને તપાસે છે અને સંગ્રહિત કરે છે, ખાતરી કરે છે કે તે સાચી અને સુરક્ષિત છે.

# ગુજરાતમાંથી ઝડપાયેલા આતંકીઓ મુદ્દે ઘટસ્ફોટ, ISISનો ઝંડો અને ડિજિટલ પુરાવા મળ્યા

**અમદાવાદ, તા.21**

ગુજરાત એન્ટી ટેરરિઝમ સ્ક્વોડ (ATS) દ્વારા ગત 9 નવેમ્બરના રોજ ત્રણ શંકાસ્પદ ISIS સાથે જોડાયેલા આતંકીઓની ધરપકડ કરી હતી. ત્યારે હવે આતંકીઓની તપાસ દરમિયાન કેટલાક ચોંકાવનારા ઘટસ્ફોટ થયા છે. જેમાં ISISનો ઝંડો, એન્ક્રિપ્ટેડ ડિજિટલ કોમ્યુનિકેશન મેન્યુઅલ અને ગુપ્ત હિલચાલના CCTV ફૂટેજ સહિત ગુનાહિત પુરાવાઓ મળી આવ્યા હતા. આતંકી ડૉ. અહેમદને ભારતમાં ખૂબ મોટી ઘટનાને અંજામ આપવાનું ષડયંત્ર રચ્યું હતું. માત્ર એટલું જ નહીં, હરિદ્વારનાં મંદિરોમાં રેકી પણ કરી હતી. વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે તારણો પશ્ચિમ ભારતમાં તેની હાજરી ફરીથી બનાવવાનો પ્રયાસ કરી રહેલા 'સંગઠિત, ગુપ્ત મોડ્યુલ' સૂચવે છે. ધરપકડ બાદ ATS ટીમોએ આરોપી મોહમ્મદ સુહેલ મોહમ્મદ સલીમ ખાનના રહેણાંકની તપાસ કરી હતી. જ્યાં કાળો ISISનો ઝંડો, અનેક મોબાઈલ ઉપકરણો, હાર્ડ ડ્રાઈવ અને મેમરી કાર્ડ મળી આવ્યા. આ સામગ્રીઓ મળવી ATSને મોટી સફળતા મળી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે સુહેલ વિદેશી હેન્ડલર્સ પાસેથી સૂચનાઓ મેળવી રહ્યો હતો કે રાજ્યમાં કટ્ટરપંથી સામગ્રી ફેલાવી રહ્યો હતો, તે અંગે એજન્સી તપાસ કરી રહી છે. ધરપકડ કરાયેલા અન્ય એક શંકાસ્પદ આતંકી આઝાદ સુલેમાન શેખની પૂછપરછમાં એક ચોંકાવનારી વાત બહાર આવી છે કે, સુહેલે ધરપકડ પહેલાં તેને કથિત રીતે એક પાર્સલ મોકલ્યું હતું. પાર્સલની સામગ્રી જાહેર કરવામાં આવી નથી, પરંતુ તપાસ ટીમે તપાસ શરૂ કરી છે.વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે ATS તપાસ કરી રહી છે કે શું પાર્સલમાં વ્યાપક ષડયંત્ર સાથે સંબંધિત સામગ્રી છે કે સાહિત્ય છે. તપાસ ટીમના અનુસાર, ડૉ. અહેમદ મોહિયુદ્દીન સૈયદ 'એક મોટી ઘટના'નું ષડયંત્ર રચી રહ્યો હતો. આતંકી આઝાદ શેખે હરિદ્વારમાં મંદિરોમાં રેકી કરી હોવાનો ઘટસ્ફોટ થયો છે. આતંકી આઝાદ ઘણા



સમયથી કોઈ મોટી ઘટનાને અંજામ આપવા માગતો હતો. આતંકી કટ્ટરવાદી હોવાની જાણ થતાં તેની પત્નીએ તેનો સાથ છોડ્યો હતો. ATS અનુસાર, ત્રીજો આરોપી ડૉ. અહેમદ સૈયદ ભારતમાં એક મોટો આતંકવાદી હુમલો કરવાની તૈયારી કરી રહ્યો હતો. તેનું ડિજિટલ ટ્રેઈલ, દેખરેખથી બચવા માટે ઈરાદાપૂર્વક અને વ્યવસ્થિત પ્રયાસ દર્શાવે છે. ડૉ. અહેમદ અને તેમના હેન્ડલર વચ્ચેની વાતચીતમાં ડિજિટલ પ્રાઈવસી કેવી રીતે જાળવી રાખવી તે અંગેનું સાહિત્ય મળ્યું. જેમાં એન્ક્રિપ્ટેડ કોમ્યુનિકેશન પર મોડ્યુલ, IP સરનામાં છુપાવવા, ડાર્ક વેબને ઍક્સેસ કરવા અને કોડ-આધારિત મેસેજિંગનો ઉપયોગ કરવાનો સમાવેશ થાય છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે અહેમદ લગભગ સંપૂર્ણપણે એન્ક્રિપ્ટેડ ચેનલો દ્વારા કામ કરતો હતો, વારંવાર પ્લેટફોર્મ અને ઓળખ બદલતો હતો, અને વિદેશમાં હેન્ડલર્સ સાથે વાતચીત કરવા માટે ડાર્ક વેબ પર આધાર રાખતો હતો. અમદાવાદના લાલ દરવાજા વિસ્તારમાં લકી હોટલની સામે આવેલી હોટલ ગ્રાન્ડ એમ્બેસમાંથી મહત્ત્વપૂર્ણ સીસીટીવી ફૂટેજ મળી આવ્યા છે. ફૂટેજમાં 7 નવેમ્બર 2025 ની સાંજે આતંકી ડૉ. અહેમદ સૈયદ હોટલમાંથી બહાર નીકળતો જોવા મળ્યો હતો.

તપાસ ટીમે વધુમાં દાવો કર્યો છે કે ડૉ. અહેમદે વાતચીતમાં કોડ શબ્દોનો ઉપયોગ કર્યો હતો અને તેમના હેન્ડલર્સ સાથે સંપર્ક જાળવવા માટે ડાર્ક-વેબ કોમ્યુનિકેશન ચેનલો પર આધાર રાખ્યો હતો. ડિજિટલ ફોરેન્સિક્સ ટીમો હાલમાં ડીલિટ કરાયેલા ડેટાને ફરીથી મેળવવા અને જપ્ત કરેલા ઉપકરણોમાંની તપાસ કરી રહી છે.

ગાંધીનગરના અડાલજ નજીક શંકાસ્પદ પ્રવૃત્તિ કરતાં ત્રણ શખ્સોની રવિવારે (9 નવેમ્બર) ગુજરાત એન્ટિ ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) અને કેન્દ્રીય એજન્સીઓએ સંયુક્ત અભિયાનમાં ત્રણ આતંકવાદીઓએ ધરપકડ કરી હતી. આ આતંકવાદીઓમાં ચીનથી MBBS કરી ચૂકેલા 35 વર્ષીય ડોક્ટર અહમદ મોહિઉદ્દીન સૈયદ પણ સામેલ છે, જે ISKPથી જોડાયેલા વિદેશમાં બેઠેલા કટ્ટરપંથીઓના સંપર્કમાં હતા. અહમદની સાથે તેમના બે સાથીઓ મોહમ્મદ સુહેલ અને આઝાદ સૈફી પણ પકડાયા છે. ATSના અનુસાર, આ ત્રણેય અમદાવાદ, લખનઉં અને દિલ્હીમાં આતંકવાદી હુમલાની તૈયારીઓ કરી રહ્યા હતા.

## અમદાવાદમાં બાઈક સવાર સાથે ઘર્ષણ બાદ 15ના ટોળાએ વિદ્યાર્થીની ગાડીમાં તોડફોડ કરી, પિતા-પુત્રને માર માર્યો....

**અમદાવાદ, તા.21**



અમદાવાદ શહેરના પાલડી વિસ્તારમાં ગુરુવારે મોડી રાત્રે રોડ રેજની એક ભયાનક ઘટના સામે આવી છે. વિશ્વકુંજ ચાર રસ્તા પાસે નજીવી બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું, જેમાં 15 જેટલા શખ્સોના ટોળાએ એક કોલેજ સ્ટુડન્ટ અને તેના મિત્રો પર હુમલો કરી તેની મહિન્દ્રા થાર ગાડીના કાચ તોડી નાખ્યા હતા. આ અંગે પાલડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

ખમાસા વિસ્તારમાં રહેતા અને એલ.જે. કોલેજમાં બી.કોમ.ના બીજા વર્ષમાં અભ્યાસ કરતા 19 વર્ષીય મોહમ્મદ ઝિયાન વોરાએ નોંધાવેલી ફરિયાદ મુજબ ગુરુવારે રાત્રે તે તેના મિત્ર સાદ શેખ સાથે પોતાની મહિન્દ્રા થાર ગાડી લઈને મિત્ર બિલાલ મન્સૂરીના લગ્નમાં જઈ રહ્યો હતો.

રાત્રે આશરે 11 વાગ્યાના સુમારે તેઓ વિશ્વકુંજ ચાર રસ્તા નજીક બળિયાદેવ મંદિર પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે આગળ જઈ રહેલા એક એક્ટિવા ચાલકે અચાનક બ્રેક મારી હતી. જેના કારણે એક્ટિવા પર પાછળ બેઠેલી મહિલા નીચે પડી ગઈ હતી. ઝિયાને માનવતા દાખવી ગાડી ઉભી રાખી અને મહિલાને ઉભી કરવામાં મદદ કરી હતી. જોકે, એક્ટિવા ચાલકે આભાર માનવાને બદલે ઝિયાનને લાફો મારી દીધો હતો.

જોતજોતામાં નજીકમાં ઉભેલા ત્રણ શખ્સો ત્યાં દોડી આવ્યા હતા અને ઝિયાનને માર મારવાનું શરૂ કર્યું હતું. જ્યારે ઝિયાનના મિત્રો તેને બચાવવા વચ્ચે પડ્યા તો તેમને પણ માર મારવામાં આવ્યો હતો. પરિસ્થિતિ વધુ વણસી જ્યારે અન્ય 10 જેટલા લોકોનું ટોળું ત્યાં એકઠું થઈ ગયું હતું. ઈજાગ્રસ્ત મહિલા માટે એમ્બ્યુલન્સ બોલાવી હોવા છતાં ટોળાએ તેમને જવા દીધા ન હતા.

જ્યારે ઝિયાને મદદ માટે તેના પિતાને ફોન કરીને બોલાવ્યા ત્યારે ઉશ્કેરાયેલા ટોળાએ તેમના પિતા સાથે પણ મારામારી કરી હતી. પોલીસ કંટ્રોલ રૂમ (112) પર ફોન કરતા પહેલા ટોળાએ થાર ગાડીના આગળ અને પાછળના કાચ તોડી નાખી અંદાજે 85,000 રૂપિયાનું નુકસાન થયું છે.

ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને વિદ્યાર્થી તથા તેના મિત્રોને ટોળાથી સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. પાલડી પોલીસે એક્ટિવા ચાલક અને 15 જેટલા અજાણ્યા ઈસમો સામે રાયોટિંગ, મારામારી અને તોડફોડનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અમદાવાદમાં રખડતા શ્વાનના હુમલા વધ્યાં, એક દિવસમાં 5 લોકોને કરડ્યાં

**અમદાવાદ, તા.21**

અમદાવાદ શહેરના હીરાબાગ ક્રોસિંગ અને શારદા મંદિર રોડ પાસે એક જ દિવસમાં 5થી વધુ લોકો પર શ્વાને હુમલો કર્યો હોવાની ઘટના સામી આવી છે. એક ઘટનામાં PGમાં રહેતા યુવક પર શ્વાને હુમલો કર્યો હોવાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે. આ ઘટના ગત 18 નવેમ્બરની હોવાનું જણાય છે.

મળતી માહિતી મુજબ, અમદાવાદ શહેરમાં બાળક, વૃદ્ધ સહિતના લોકો પર શ્વાનના હુમલાની ઘટના વધી રહી છે. જેમાં શહેરના હીરાબાગ સહિતના વિસ્તારમાં 5થી વધુ લોકોને શ્વાન કરડવાથી સ્થાનિકોમાં ભય જોવા મળ્યો છે.

શહેરના શારદા મંદિર રોડ પર આવેલા એક PGના યુવક પર શ્વાને હુમલો કર્યો હોવાના સીસીટીવી ફૂટેજ વાઈરલ થયા છે. વીડિયોમાં જોવા મળે છે કે, યુવક જ્યારે વ્હીકલ પાર્ક કરવા જાય છે, ત્યારે અચાનક શ્વાન ત્યાં આવીને યુવક પર હુમલો કરે છે અને પગના ભાગે કરડવા લાગે છે. આ દરમિયાન એક વ્યક્તિ યુવકને બચાવવા દોડી આવે છે.

## ધોળકામાં બર્થ-ડે પાર્ટીની આડમાં ચાલતી 'દારૂની મહેફિલ' પર પોલીસ ત્રાટકી: 10 નબીરાઓ ઝડપાયા



**અમદાવાદ, તા.21**

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં અવારનવાર દારૂની મહેફિલો ઝડપાતી હોય છે. આવો જ એક બનાવ ધોળકામાં સામે આવ્યો છે, જ્યાં જન્મદિવસની ઉજવણીના નામે ફાર્મ હાઉસમાં ચાલી રહેલી હાઈ-પ્રોફાઈલ દારૂની પાર્ટી પર પોલીસે દરોડો પાડ્યો હતો. ધોળકા ડિવિઝનના ડીવાયએસપીને મળેલી બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવતા કુલ 10 શખ્સોને લાખોના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર વેજલકા ગામના સામતસિંહ છત્રસિંહ બારડનો જન્મદિવસ હોવાથી ધોળકાના ડડુસર રોડ પર આવેલા કાસમભાઈ અબ્દુલગફુર રાધનપુરીના ફાર્મ હાઉસમાં પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાર્ટીમાં પરપ્રાંતિય વિદેશી દારૂ અને બિયરનો જથ્થો મંગાવીને પાસ-પરમિટ વગર મહેફિલ માણવામાં આવી રહી હતી.

ધોળકા ડિવિઝનના DySP પ્રકાશ પ્રજાપતિને આ અંગે ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે પોલીસે મોડી રાત્રે ફાર્મ હાઉસ પર ઓચિંતો દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને પાર્ટીમાં નાસભાગ મચી ગઈ હતી, પરંતુ પોલીસે કોર્ડન કરી ફાર્મ હાઉસ માલિક અને બર્થ-ડે બોય સહિત 10 શખ્સોને રંગેહાથ ઝડપી લીધા હતા.

પોલીસે દરોડા દરમિયાન સ્થળ પરથી વિદેશી દારૂ અને બિયરનો જથ્થો જપ્ત કર્યો છે. જેમાં 95 બિયરના ટીન (કિંમત રૂ. 19,000) અને અલગ-અલગ બ્રાન્ડની 7 બોટલો (કિંમત રૂ. 8,400) મળી આવી હતી. આ ઉપરાંત આરોપીઓ પાસેથી એક ટાટા હેરીયર ગાડી (નં. GJ-38-BH-333) અને 4 મોબાઈલ ફોન સહિત કુલ રૂ. 12,47,400 નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

ધોળકા પોલીસે તમામ 10 આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત, પાર્ટી માટે દારૂનો જથ્થો કોણે પૂરો પાડ્યો હતો તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન હસ્તકના 11 કોમર્શીયલ, 4 રહેણાંક પ્લોટનું વેચાણ કરી 1823 કરોડ મેળવાશે

- 27,28 નવેમ્બરે 13 રહેણાંક-કોમર્શીયલ પ્લોટની હરાજી કરાશે, આ ઉપરાંત વધુ 15 પ્લોટના વેચાણ માટે મંજુરી અપાઈ

**અમદાવાદ, તા.21**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના ૧૧ કોમર્શીયલ તથા ૪ રહેણાંક હેતુ માટેના પ્લોટનુ વેચાણ કરી રુપિયા ૧૮૨૩ કરોડની અંદાજિત આવક મેળવવા સ્ટેન્ડિંગ કમિટીએ તાકીદની દરખાસ્ત મંજુર કરી હતી. આગામી સપ્તાહે ૨૭ અને ૨૮ નવેમ્બરના રોજ કોર્પોરેશન હસ્તકના રહેણાંક તથા કોમર્શીયલ પ્લોટની હરાજી કરાશે. જેના વેચાણ થકી રુપિયા ૧૨૦૦ કરોડની અંદાજિત આવક થવાની સંભાવના છે. આમ કુલ મળીને ૨૮ પ્લોટનું વેચાણ કરી રુપિયા ત્રણ હજાર કરોડ આવક મેળવવા કોર્પોરેશન પ્રયાસ કરશે. ગુરૂવારે સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં મોટેરાના બે, ગોતાના ત્રણ ઉપરાંત હેબતપુરના બે તેમજ મકરબાના ત્રણ, બોડકદેવના બે તથા થલતેજના એક પ્લોટનુ વેચાણ કરવા દરખાસ્ત મંજુર કરાઈ હતી.ચેરમેન દેવાંગ દાણીએ કહયુ, જે પ્લોટનુ વેચાણ થાય એના પ્લાન ૯૦ દિવસમાં મંજુર કરવા અધિકારીઓને તાકીદ કરવામાં આવી છે.મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા છેલ્લા બે વર્ષમાં ૧૭ રહેણાંક તથા કોમર્શિયલ પ્લોટનુ વેચાણ કરી રુપિયા ૧૩૦૦ કરોડની આવક ઉભી કરવામાં આવી હતી.પ્લોટના વેચાણ માટે જે યાદી નકકી કરાઈ હતી તે પૈકીના દસ પ્લોટ હજુ સુધી વેચાયા નથી.આ વર્ષે પણ શીલજ, આંબલી, મોટેરા, થલતેજ, ગોતા સહિતના પ્લોટ વેચવા કોર્પોરેશને બીડરો પાસેથી ઓફર મંગાવવામાં આવી છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
હર ઘર સ્વદેશી
ઘર-ઘર સ્વદેશી



માનનીય મુખ્યમંત્રી
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના
વરદ્હસ્તે



સામાન્ય વહીવટ વિભાગ હેઠળના
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સરકારશ્રીના વિવિધ વિભાગોમાં પસંદગી પામેલા ૪૪૭૩ ઉમેદવારોને

નિમણૂક પત્ર એનાયત સમારોહ

ગરિમામયી ઉપસ્થિતિ
શ્રી હર્ષ સંઘવી
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

પ્રેરક ઉપસ્થિતિ
શ્રી જીતુભાઈ એસ. વાઘાણી
માનનીય મંત્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
શ્રી અર્જુનભાઈ ડી. મોઢવાડીયા
માનનીય મંત્રી, વન અને પર્યાવરણ, ક્લાઇમેટ ચેન્જ તથા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ
ડૉ. પ્રદ્યુમન જી. વાજા
માનનીય મંત્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તથા શિક્ષણ વિભાગ
શ્રી રમણભાઈ બી.સોલંકી
માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ

વિકસિત ભારત
વિકસિત ગુજરાત

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, સામાન્ય વહીવટ વિભાગ

જુનિયર ક્લાર્ક, વર્ગ-૩
(મહેસૂલ વિભાગ, કૃષિ અને સહકાર વિભાગ, શિક્ષણ વિભાગ, નર્મદા, જળ સંસાધન, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગૃહ વિભાગ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ, કાયદા વિભાગ, નાણાં વિભાગ, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ)

સિનિયર ક્લાર્ક
(કૃષિ અને સહકાર વિભાગ, નર્મદા, જળ સંસાધન, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ)

હેડ ક્લાર્ક
(કૃષિ અને સહકાર વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ)

ઑફિસ આસિસ્ટન્ટ
(સામાન્ય વહીવટ વિભાગ)

સબ રજિસ્ટ્રાર, ગ્રેડ ૧/૨, વર્ગ-૩ અને સ્ટેમ્પ નિરીક્ષક, વર્ગ-૩
(મહેસૂલ વિભાગ)

હિસાબનીશ, વર્ગ-૩ અને પેટા હિસાબનીશ, વર્ગ-૩
(નાણાં વિભાગ)

ડેપો મેનેજર / આસિસ્ટન્ટ ડેપો મેનેજર
(અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ)

મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ-૩, સમાજ કલ્યાણ નિરીક્ષક, વર્ગ-૩ અને ગૃહપતિ
(સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ)

મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી, વર્ગ-૩
(આદિજાતિ વિકાસ વિભાગ)

સર્વેયર
(વન અને પર્યાવરણ વિભાગ)

તારીખ: ૨૨-૧૧-૨૦૨૫ સમય: સાંજે ૦૪:૦૦ વાગે સ્થળ: મહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાત

સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

કાર્યક્રમનું જીવંત પ્રસારણ: CMOGujarat CMOGujarat CMOGujarat CMOGujarat